


NAVSARJAN SANSKRUTI RNI No. GUJGUJ/2016/70752

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 143
Dt.: 30-03-2025,
Sunday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 • Email : navsarjansanskruti2016@gmail.com • Email : navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com


### છત્તીસગઢમાં સુરક્ષા દળોએ બોલાવ્યો સપાટો

# છત્તીસગઢમાં એન્કાઉન્ટરમાં ૧૬ નક્સલીઓને ઠાર કરાયા

## નક્સલવાદીઓ વિરુદ્ધ સુરક્ષા દળોનું ઓપરેશન ચાલુ

(સંપૂર્ણ સમાચાર સેવા)રાયપુર

છત્તીસગઢમાં નક્સલવાદીઓ વિરુદ્ધ સુરક્ષા દળોનું ઓપરેશન ચાલુ છે. બસ્તરના આઈજી સુંદરરાજ પીએ જણાવ્યું છે કે ૧૬ નક્સલીઓના મૃતદેહ મળી આવ્યા છે. બે સૈનિકોને સામાન્ય ઈજાઓ થઈ છે. સુકમાના એસપી કિરણ ચવ્હાણે જણાવ્યું હતું કે સુકમા-દંતેવાડા સરહદ પર ઉપમપલ્લી કેરાલાપાલ વિસ્તારના જંગલોમાં સુરક્ષા દળો સાથેની એન્કાઉન્ટરમાં નક્સલીઓ માર્યા ગયા હતા. ગોળીબાર હજુ પણ ચાલુ છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સૈનિકોએ ઘટનાસ્થળેથી INSAS, SLR જેવા ઓટોમેટિક હથિયારો પણ જપ્ત કર્યા છે. માર્યા ગયેલા નક્સલીઓની સંખ્યા વધવાની શક્યતા છે. આ પહેલા ૨૫ માર્ચે સુરક્ષા દળોએ ૩ નક્સલીઓને ઠાર માર્યા હતા, જેમાં નક્સલી સુધીર ઉર્ફે સુધાકરનો પણ સમાવેશ થાય છે, જેના માથા પર ૨૫ લાખ રૂપિયાનું ઈનામ હતું. ૨૦૨૫માં, બસ્તર રેન્જમાં સૈનિકોએ એક એન્કાઉન્ટરમાં ૧૦૦ નક્સલીઓનું એન્કાઉટર કર્યું છે. એક અધિકારીએ જણાવ્યું કે આ કામગીરીમાં ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ (DRG) અને સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF) ના જવાનો સામેલ છે. શુક્રવારે રાત્રે આ વિસ્તારમાં નક્સલીઓની હાજરી અંગે ગુપ્ત માહિતી મળ્યા બાદ આ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. છત્તીસગઢના બસ્તર વિભાગમાં ૨૦ માર્ચે બે મોટા એન્કાઉન્ટર થયા. આમાં ૩૦ નક્સલીઓ માર્યા ગયા છે. પહેલું એન્કાઉન્ટર બીજાપુર-દંતેવાડા બોર્ડર પર અને બીજું કાંકેર-નારાયણપુર બોર્ડર પર થયું. બસ્તરના આઈજી સુંદરરાજ પી.એ જણાવ્યું હતું કે બીજાપુરમાં થયેલા એન્કાઉન્ટરમાં ૨૬ નક્સલીઓ માર્યા ગયા હતા.

આ એન્કાઉન્ટરમાં એક ડીઆરજી (જિલ્લા રિઝર્વ ગાર્ડ) સૈનિક પણ શહીદ થયો હતો. તેવી જ રીતે, કાંકેર વિસ્તારમાં થયેલા એન્કાઉન્ટરમાં ચાર નક્સલીઓ માર્યા ગયા. અહીં, નારાયણપુર-દાંતેવાડા સરહદ પર ત્રીજી નક્સલી ઘટના બની. અહીં થુલથુલી વિસ્તારમાં IED વિસ્ફોટમાં બે સૈનિકો ઘાયલ થયા હતા. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં દેશને નક્સલી હિંસાથી મુક્ત કરવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. આ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે. હાલમાં છત્તીસગઢના ૧૫ જિલ્લાઓ નક્સલવાદથી પ્રભાવિત છે. આ જિલ્લાઓ બીજાપુર, બસ્તર, દાંતેવાડા, ધમતારી, ગારિયાબંદ, કાંકેર, કોંડાગાંવ, મહાસમુંદ અને નારાયણપુર, રાજનાંદગાંવ, મોહલા માનપુર અંબાગઢ, ખૈરાગઢ ચુઈખાદન ગંડાઈ, સુકમા કબીરધામ અને મુંગેલી છે. કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે કહ્યું હતું કે વર્ષ ૨૦૧૩માં દેશના ૧૦ રાજ્યોના ૧૨૬ જિલ્લા નક્સલવાદથી પ્રભાવિત હતા. તે જ સમયે, ૨૦૨૪ માં, ૯ રાજ્યોના ૩૮ જિલ્લાઓ નક્સલવાદથી પ્રભાવિત છે.

### હાઈકોર્ટમાં આપ્યો જવાબ

# સેન્સરશીપના આરોપો બાદ મસ્કની કંપની 'X' પર ભડકી કેન્દ્ર સરકાર

## ઈલોન મસ્કની કંપની એક્સે ભારત સરકાર પર સહયોગ પોર્ટલના માધ્યમથી સેન્સરશીપનો ગંભીર આરોપ લગાવ્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈલોન મસ્કની કંપની એક્સે ભારત સરકાર પર સહયોગ પોર્ટલના માધ્યમથી સેન્સરશીપનો ગંભીર આરોપ લગાવ્યો હતો. જેના પર કેન્દ્ર સરકાર સખત વિરોધ નોંધાવ્યો છે. કર્ણાટક હાઈકોર્ટમાં કેન્દ્ર સરકારે ઈલોન મસ્કની કંપનીને જવાબ આપતાં આરોપોને દુર્ભાગ્યપૂર્ણ ગણાવ્યા છે.

સરકારનો દાવો છે કે કંપનીએ IT નિયમોની કલમોની ખોટી વ્યાખ્યા કરી છે. સરકારની દલીલ છે કે કલમ ૬૯છ હેઠળ કેન્દ્ર સરકારને વિશિષ્ટ પરિસ્થિતિમાં આદેશ આપવાની સ્પષ્ટ અનુમતિ છે તથા ઓનલાઈન સામગ્રી પર પ્રતિબંધ પણ લગાવી શકે છે. આટલું જ નહીં એક્સે સરકારના સહયોગ પોર્ટલ સામે પણ વાંધો ઉઠાવ્યો હતો જેના પર પણ સરકારે વિસ્તૃત જવાબ આપ્યો છે. સરકારની દલીલ છે કે આ પોર્ટલ ગેરકાયદે ઓનલાઈન સામગ્રી વિરુદ્ધ ત્વરિત કાર્યવાહી કરવા માટેનું મંચ છે. સહયોગ પોર્ટલને સેન્સરશીપ ટૂલ બતાવવું ભ્રામક છે. એક્સ જેવી વૈશ્વિક કંપનીનો આવો દાવો અત્યંત ખેદજનક અને અસ્વીકાર્ય છે.

ઈલોન મસ્કની કંપની X કોર્પે કર્ણાટક હાઈકોર્ટમાં એક અરજી દાખલ કરીને કેન્દ્ર સરકાર સામે જ કેસ કર્યો છે. કંપનીએ ભારત સરકાર દ્વારા આઈટી અધિનિયમની ધારા ૭૯(૩)(બી)ના દુરુપયોગનો આરોપ લગાવ્યો છે. કંપનીનો આરોપ છે કે સરકાર ગેરકાયદે તથા અનિયમિત સેન્સરશીપ સિસ્ટમ બનાવી રહી છે. તથા ઠ પર કોન્ટેન્ટ બ્લોક કરીને પ્લેટફોર્મનું સંચાલન પ્રભાવિત કરાઈ રહ્યું છે. નોંધનીય છે કે આ અરજીમાં ૨૦૧૫ના શ્રેયા સિંઘલ કેસમાં સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદાનું વર્ણન કરાયું છે. X કોર્પ કંપનીનું કહેવું છે કે સરકાર ધારા ૭૯(૩)(બી)ની ખોટી વ્યાખ્યા કરી રહી છે અને મનફાવે તેમ આદેશો આપી રહી છે, જે ધારા ૬૯એના નિયમોનું ઉલ્લંઘન છે. કોન્ટેન્ટ હટાવવા માટે લેખિતમાં કારણ બતાવવું આવશ્યક છે અને આદેશ આપતાં પહેલા સુનાવણીની વ્યવસ્થા કરવી જરૂરી છે. આટલું જ નહીં સરકારના આદેશને કાયદાકીય રીતે પડકાર પણ આપવાનો હક હોવો જોઈએ. જોકે સરકાર આ પ્રક્રિયાને નજર અંદાજ કરી રહી છે. આ મામલે આગામી સુનાવણી ૨૭મી માર્ચે થશે. નોંધનીય છે કે અગાઉ ૨૦૨૨માં પણ X કોર્પ કંપનીએ કેન્દ્ર સરકારના આદેશને કોર્ટમાં પડકાર આપ્યો હતો. તે સમયે કંપનીએ કહ્યું હતું કે સરકારના આદેશોમાં પારદર્શકતા નથી તથા અભિવ્યક્તિની સ્વતંત્રતાનું ઉલ્લંઘન છે.

### સુપ્રીમ કોર્ટે કહ્યું 'કડવું સત્ય'

# વસુધૈવ કુટુમ્બકમની વાતો થાય છે પણ કોઈ સાથે રહેવા નથી માગતું

## માતા-પિતાની માગ પર ટ્રિબ્યૂનલે પુત્રને ઘર ખાલી કરવા કહ્યું, પુત્રની અપીલ પર હાઈકોર્ટે સ્ટે મુક્યો જેની સામે માતા સુપ્રીમ પહોંચી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

માતા અને પુત્ર વચ્ચે સંપત્તિનો વિવાદ સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો હતો, જેની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે હાલની પરિવારની ભાવનાને લઈને એક અત્યંત મહત્વપૂર્ણ ટિપ્પણી કરી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે ભારતમાં વસુધૈવ કુટુમ્બકમની વાતો તો થાય છે પરંતુ બીજી તરફ સ્થિતિ એ છે કે આપણે પોતાના સ્વજનની સાથે એક થઈને રહેવામાં પણ નિષ્ફળ નિવડયા છીએ. માતા પિતાથી પુત્રો તો પુત્રોથી માતા પિતા અલગ રહેવા માગે છે તે અંગે સુપ્રીમે આ ચિંતા વ્યક્ત કરી હતી. સુપ્રીમના ન્યાયાધીશ પંકજ મિતલ અને એસ એન વી ભટ્ટીની બેંચે કહ્યું હતું કે પરિવારનો કોન્સેપ્ટ બદલાઈ રહ્યો છે અને વ્યક્તિ એકલો જ રહેવા માગે છે અને તે જ પોતાનામાં એક પરિવાર છે, લોકો પોતાના સગા કે પરિવારજનોની સાથે રહેવા માટે પણ તૈયાર નથી. પરિવારની વ્યવસ્થામાં થઈ રહેલા આ ફેરફારો અંગે સુપ્રીમે ચિંતા વ્યક્ત કરી હતી. ઉત્તર પ્રદેશના સુલતાનપુરની રહેવાસી ૬૮ વર્ષીય સમતોલા દેવીની અરજી પર સુપ્રીમે આ સુનાવણી કરી હતી, સમતોલા દેવીએ પોતાના મોટા પુત્ર કૃષ્ણ કુમારને ઘરમાંથી કાઢી મુકવાની માગ કરી હતી. આ ઘર અરજદાર વૃદ્ધા અને તેના પતિના નામે છે, બન્ને વચ્ચે ત્રણ પુત્રો અને બે પુત્રીઓ છે. મોટા પુત્રએ વર્ષ ૨૦૧૪માં પિતા સાથે ઝઘડો કર્યો હતો, જેને લઈને પિતાએ એસડીએમ સુધી ફરિયાદ કરી હતી. બાદમાં માતા-પિતાએ ફેમેલી કોર્ટમાં અરજી કરીને પુત્રો પાસેથી ભરણપોષણની માગ કરી હતી. સાથે જ ઘર ખાલી કરાવવા ટ્રિબ્યૂનલમાં અપીલ કરી હતી.કોર્ટે મહિને ચાર હજાર રૂપિયા ભરણપોષણ આપવા પુત્રોને આદેશ કર્યો હતો. સાથે જ પિતાની સહમતિ વગર પુત્રો ઘરના કોઈ પણ હિસ્સા પર કબજો નહીં કરી શકે તેવો આદેશ આપ્યો હતો. પણ ઘર ખાલી કરવા આદેશ નહોતો થયો, બાદમાં માતા-પિતાની અપીલ પર તે આદેશ પણ થયો હતો જે બાદ પુત્ર હાઈકોર્ટ પહોંચ્યો હતો, હાઈકોર્ટે ફેમેલી કોર્ટના આદેશ પર સ્ટે મુકી દીધો હતો. બાદમાં માતા દ્વારા સુપ્રીમમાં અપીલ કરાઈ હતી. સુપ્રીમે હાઈકોર્ટના આદેશને યોગ્ય ઠેરવ્યો હતો અને કહ્યું હતું કે આ મામલામાં માતા પિતા એ સાબિત ના કરી શક્યા કે તેમનું પુત્ર દ્વારા અપમાન થયું હતું કે તેમને ઉત્પિડનનો સામનો કરવો પડયો હતો. આ સાથે જ સુપ્રીમ કોર્ટે પરિવારના આ વિખવાદો અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે ભારતમાં આમ તો વસુધૈવ કુટુમ્બકમ (વિશ્વ એક પરિવાર છે)ની વાતો થાય છે પરંતુ પરિવાર તુટી રહ્યા છે.



### દિલ્હી હાઈકોર્ટનો મહત્ત્વનો ચુકાદો

# ફૂડ બિલના સર્વિસ ચાર્જની ચૂકવણી સ્વૈચ્છિક, ગ્રાહક પર લાદી ન શકાય

## નેશનલ રેસ્ટોરા ફોરમને કોર્ટે ગ્રાહક કલ્યાણ ભંડોળમાં જમા કરાવવા એક-એક લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હી હાઈકોર્ટે શુક્રવારે જણાવ્યું હતું કે ફૂડ બિલના સર્વિસ ચાર્જની ચૂકવણી સ્વૈચ્છિક છે અને રેસ્ટોરા તેને ગ્રાહકો પર લાદી ન શકે. આ ચુકાદો આપતા ન્યાયાધીશ પ્રતિભા એમ સિંઘે સેન્ટ્રલ કન્ઝ્યુમર પ્રોટેકશન ઓથોરિટી (સીસીપીએ)ની હોટેલ્સ અને રેસ્ટોરાને ફૂડ બિલ્સનો સર્વિસ ચાર્જ વસૂલવા રોકતી માર્ગદર્શિકાઆને પડકારતી બંને અરજી ફગાવી દીધી હતી.

કોર્ટે ચુકાદામાં જણાવ્યું હતું કે ફૂડ બિલ્સ પર ફરજિયાત ધોરણે સર્વિસ ચાર્જનું કલેકશન ગ્રાહક અધિકારનો અને કાયદાનો ભંગ છે. ગ્રાહક તેની ઈચ્છા હોય તો ટિપ આપે, તેના માટે તેને ફરજ પાડી ન શકાય. કોર્ટે જણાવ્યું હતું કે ફૂડ બિલ પર સર્વિસ ચાર્જની ફરજિયાત ઉઘરાણી ગેરમાર્ગે દોરનારી છે અને નિરાશાજનક છે. તેના દ્વારા ગ્રાહક પર તેવી સમજ ઊભી થાય છે કે તેના પર કોઈને કોઈ સ્વરુપમાં સર્વિસ ટેક્સ કે જીએસટી લાદવામાં આવી રહ્યો છે.

કોર્ટે જણાવ્યું હતું કે રેસ્ટોરાઓ આ પ્રકારની રીતરસમ અપનાવતી હોય તો તે અયોગ્ય રીતરસમ છે અને ફૂડ બિલ સર્વિસ ચાર્જને ફરજિયાત ધોરણે ઉમેરી શકાય નહીં.




ફેડરેશન ઓફ હોટેલ્સ એન્ડ રેસ્ટોરા એસોસિયેશન ઓફ ઈન્ડિયા અને નેશનલ રેસ્ટોરા એસોસિયેશન ઓફ ઈન્ડિયાએ ૨૦૨૨માં ફૂડ બિલ સર્વિસ ચાર્જને ફરજિયાત કરવા અરજી કરી હતી.

કોર્ટે આ અંગે ગ્રાહક અધિકાર પંચની માર્ગદર્શકાઓ માનય રાખી હતી અને બંને અરજદારને સીસીપીએ સમક્ષ ગ્રાહક કલ્યાણ પેટે રુ. એક-એક લાખ જમા કરાવવા આદેશ આપ્યો હતો. કોર્ટનું તારણ હતું કે સીસીપીએ ફક્ત એડવાઈઝરી બોડી જ નથી, તેની પાસે અયોગ્ય વેપારી રીતરસમ રોકવા માટે માર્ગદર્શિકાઓ જાહેર કરવાની સત્તા છે અને તેણે ગ્રાહકના હિતનું રક્ષણ કરવાનું હોય છે.

સીસીપીએ પાસે સીપીએ ૨૦૧૯ હેઠળ માર્ગદર્શિકાઓ પસાર કરવાની સત્તા છે. ગાઈડલાઈન્સ જારી કરવી તે સીસીપીએની સૌથી મહત્ત્વની પ્રવૃત્તિ છે. બધી જ રેસ્ટોરાએ તેનું પાલન કરવાનું છે, એમ કોર્ટે જણાવ્યું હતું. કોર્ટે ૧૩ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ તેનો ચુકાદો અનામત રાખ્યો હતો. સીસીપીએ ૪ જુલાઈ ૨૦૨૨ના રોજ જારી કરેલી માર્ગદર્શિકામાં એક મહિના પછી કોર્ટે પ્રતિબંધ મૂક્યો હતો.

### ભાજપ નેતાએ લોકસભામાં ઉઠાવ્યા સવાલ

# 'દેશમાં ઘણા રન-વે બેકાર, ફ્લાઈટ ભાડું-પાયલટની ટ્રેનિંગ પણ મોંઘી'

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

લોકસભામાં બિહારના સારણ ક્ષેત્રના ભાજપ સાંસદ અને પૂર્વ નાગરિક ઉડ્ડયન મંત્રી રાજીવ પ્રતાપ રુડીએ ફ્લાઈનું ભાડું, રન-વેની સ્થિતિ, પાયલટની ટ્રેનિંગ સહિતના મુદ્દા ઉઠાવી પોતાની જ કેન્દ્ર સરકાર પર પ્રહારો કર્યા છે. એટલું જ નહીં આ દરમિયાન તેમણે મોદી સરકારના વખાણ પણ કર્યા છે.

લોકસભામાં રુડીએ મોદી સરકારના વખાણ કરતાં કહ્યું કે, 'પીએમ મોદીના નેતૃત્વ હેઠળની સરકાર દ્વારા શરૂ કરાયેલ પહેલોથી આવનારા સમયમાં દેશનો વિકાસ થશે અને વિમાની મુસાફરી સુલભ બનશે.' ઉડાન યોજનાના વખાણ કરતા રુડીએ એવું પણ કહ્યું કે, 'આ યોજના નાના શહેરોના વિમાની નેટવર્કને જોડવા માટેનો સારો પ્રયાસ છે, જોકે તેનો અસરકારક અમલ કરવા માટે કેન્દ્ર સરકારે સારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સસ્તા ભાડાની ખાતરી કરવી પડશે.' એટલું જ નહીં, તેમણે સરકારને જણાવ્યું કે ભાડું કેવી રીતે ઘટાડી શકાય?તેમણે કહ્યું કે, 'ભારત છેલ્લા બે દાયકામાં એવિએશન સેક્ટરમાં ઘણું આગળ વધ્યું છે, જોકે સામાન્ય માણસોને ટિકિટોની કિંમતો પરવડે તેમ નથી, બીજીતરફ ઈંધણ ખર્ચ, ભારે કર અને એરપોર્ટ પર વધારાના શુલ્કના કારણે એરલાઈન્સ કંપનીઓ પણ અનેક પડકારોનો સામનો કરી રહી છે. રાજ્યો મુજબ ઉત્તર પ્રદેશમાં ATF ટેક્સ એક ટકા છે, જ્યારે તમિલનાડુ અને બિહારમાં ૨૯ ટકા જેટલો છે.'ભાજપ નેતાએ કહ્યું કે, દેશમાં અનેક રન-વે બેકાર પડ્યા છે, જેના કારણે મુસાફરોએ બિનજરૂરી વિલંબનો સામનો કરવી પડી રહ્યો છે. આ ઉપરાંત આગામી ૧૦ વર્ષમાં ૩૧૦૦૦ નવા પાયલોટોની જરૂર પડશે, પરંતુ આપણા દેશમાં ટ્રેનિંગ એટલી મોંઘી છે કે, તેમાં યુવાઓ સામેલ થતા ગભરાઈ રહ્યા છે. વર્તમાન સમયમાં દેશમાં પહેલેથી જ ૩૦૦ વિદેશી પાયલટ કાર્યરત છે.

### નિતિન ગડકરીએ આપ્યું મોટું નિવેદન

# દરેક ટુ-વ્હીલર સાથે 2 ISI હેલ્મેટ ફરજિયાત થશે!

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતમાં માર્ગ સલામતીને મજબૂત બનાવવાના પ્રયાસમાં કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ પ્રસ્તાવ મૂક્યો છે કે, તમામ ટુ-વ્હીલર્સને એકસાથે બે ISI પ્રમાણિત હેલ્મેટ વેચવા જોઈએ. નવી દિલ્હીમાં આયોજિત એક કાર્યક્રમ દરમિયાન આ મહત્ત્વપૂર્ણ નિર્ણયની જાહેરાત કરવામાં આવી હતી. જેને ટુ-વ્હીલર હેલ્મેટ મેન્યુફેક્ચરર્સ ઍસોસિએશન ઑફ ઈન્ડિયાનો સંપૂર્ણ ટેકો મળ્યો છે.ભારતમાં માર્ગ અકસ્માતોના આંકડા અત્યંત ચિંતાજનક છે. દર વર્ષે 4,80,000થી વધુ માર્ગ અકસ્માતો થાય છે અને 1,88,000થી વધુ લોકો જીવ ગુમાવે છે. આમાંથી, 66 ટકા મૃતકો 18થી 45 વર્ષની વયના છે. દર વર્ષે 69,000થી વધુ લોકો મૃત્યુ પામે છે, ખાસ કરીને ટુ-વ્હીલર અકસ્માતોમાં. જેમાંથી 50 ટકા મૃત્યુ હેલ્મેટ ન પહેરવાને કારણે થાય છે.ટુ-વ્હીલર હેલ્મેટ મેન્યુફેક્ચરર્સ ઍસોસિએશન (THMA) લાંબા સમયથી ફરજિયાત ISI પ્રમાણિત હેલ્મેટની માંગ કરી રહ્યું છે. THMA એ ગડકરીના આ સક્રિય નેતૃત્વની પ્રશંસા કરી છે. THMAના પ્રમુખ રાજીવ કપૂરે જણાવ્યું હતું કે, "આ ફક્ત એક નિયમ નથી પણ રાષ્ટ્રીય જરૂરિયાત છે. હેલ્મેટ જીવન બચાવે છે, અને દરેક બાઈક ખરીદી સાથે તેને ફરજિયાત બનાવવું એ એક મહત્ત્વપૂર્ણ પગલું છે. માર્ગ અકસ્માતમાં પોતાના પ્રિયજનો ગુમાવનારા પરિવારો માટે, આ પગલું આશાનું કિરણ છે કે આવી દુર્ઘટનાઓ હવે અટકાવી શકાય છે."

### ટ્રમ્પની ટેરિફ વોર સામે તેટલો જ કટ્ટર જવાબ અપાશે

# અમેરિકા હવે વિશ્વસનીય સાથી નથી રહ્યું : કેનેડા

(સંપૂર્ણ સમાચાર સેવા)ટોરેન્ટો

કેનેડાના ઓટો મોબાઈલ્સ ઉપર ૨૫% ટેરીફ લાદવાની ટ્રમ્પે કરેલી જાહેરાત પછી વડાપ્રધાન માર્ક કાર્નીએ ગુરુવારે જણાવ્યું હતું કે તેઓ આ અંગે પ્રમુખ ટ્રમ્પ સાથે મંત્રણા કરશે. સામાન્ય શીરસ્તો તે છે કે વડાપ્રધાન તરીકે કાર્યભાર સંભાળ્યા પછી ટ્રમ્પના વડાપ્રધાન સૌથી પહેલા અમેરિકાના પ્રમુખ સાથે વાતચીત કરે છે. પરંતુ વડાપ્રધાન પદે નિયુક્ત થયા પછી કાર્નીએ બે સપ્તાહ સુધી ટ્રમ્પ સાથે વાત કરી નથી. હવે તેઓ કહે છે કે આગામી એક બે દિવસમાં વાતચીત કરીશું. તે સર્વ વિદિત છે કે કેનેડાની કુલ નિકાસ પૈકી ૭૫ ટકાથી વધુ નિકાસ તો યુએસમાંજ થાય છે. તેથી ટ્રમ્પે લાદેલી ૨૫ ટકા ટેરીફથી કેનેડાને ભારે ફટકો પડે તેમ છે. આ ઉપરાંત કેનેડાને ટ્રમ્પે અમેરિકાનું ૫૧મું રાજ્ય કહ્યું હતું તેથી માત્ર કેનેડાની સરકારને જ નહીં પરંતુ કેનેડાના જનસામાન્યને પણ ટ્રમ્પ સામે વાંધો પડી ગયો છે. તેઓ સ્પષ્ટ કહે છે કે, કેનેડાનું સ્વાતંત્ર્ય અને સાર્વભૌમત્વને આંચ આવે તો તે સામે લડી લેવા તૈયાર છે. ઉલ્લેખનીય છે કે કેનેડાને અમેરિકા સાથે વ્યાપારી સંબંધો તો છે જ પરંતુ તે ઉપરાંત સંરક્ષણ ક્ષેત્રે પણ બંને દેશોને ગાઢ સંબંધો છે. તેમ છતાં માર્ક કાર્નીએ કહ્યું હતું કે અમેરિકા હવે વિશ્વસનીય સાથી નથી રહ્યું. ૨૮ એપ્રીલે કેનેડામાં સામાન્ય ચૂંટણી યોજાવાની છે ત્યારે પોતાના પક્ષ લિબરલ પાર્ટી વતી શરૂ કરેલી પ્રચાર ઝુંબેશમાં કેનેડાની સેન્ટ્રલ બેંકના આ પૂર્વ ગવર્નર ટ્રમ્પના વલણની આકરી ટીકા કરી હતી. બીજી તરફ હવે રહી રહીને ટ્રમ્પે ફોન દ્વારા વધુ વાતચીત કરવા જણાવ્યું હતું.

### ભારત સાથે દગો કરવાની તૈયારીમાં યુનુસ

# તીસ્તા નદીનું મેનેજમેન્ટ છીનવી ચીનને સોંપશે બાંગ્લાદેશ

## બાંગ્લાદેશ અને ચીન નવ કરારો પર હસ્તાક્ષર થયા

(સંપૂર્ણ સમાચાર સેવા)ઢાકા

નવી દિલ્હીની મુલાકાત દરમિયાન બાંગ્લાદેશ પૂર્વ વડાંપ્રધાન શેખ હસીનાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની દ્વિપક્ષીય બેઠકમાં તિસ્તા નદીના પાણી વ્યવસ્થાપનનું કામ ભારતને આપવાનું વચન આપ્યું હતું. ૨૨ જૂન, ૨૦૨૪ના રોજ બન્ને નેતાઓ સંમત થયા હતા કે એક ભારતીય ટીમ ટૂંક સમયમાં ઢાકાની મુલાકાત લેશે જે તિસ્તા જળ વ્યવસ્થાપન માટે ભાવિ યોજના ઘડશે. હવે બાંગ્લાદેશની વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મોહમ્મદ યુનુસે ભારત માટે ખૂબ જ સંવેદનશીલ આ નદી પ્રોજેક્ટનું કામ ચીની કંપનીઓને સોંપવાનું વચન આપ્યું છે.

અહેવાલો અનુસાર, શુક્રવારે (૨૮મી માર્ચ) બાંગ્લાદેશની વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મોહમ્મદ યુનુસે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગને મળ્યા. આ દરમિયાન નવ કરારો પર હસ્તાક્ષર થયા.

કેટલાક કરારો ભારતના હિતોને અસર કરશે. મોહમ્મદ યુનુસે માત્ર તિસ્તા જળ વ્યવસ્થાપન જ નહીં, પરંતુ મોંગલા બંદરના વિકાસ માટે પૂર્વ અવામી લીગ સરકારના કાર્યકાળ દરમિયાન ભારત સાથે થયેલા કરારને પણ રદ કરવાનો ઈરાદો દર્શાવ્યો છે.

મોહમ્મદ યુનુસ અને શી જિનપિંગ વચ્ચેની બેઠક બાદ જાહેર કરાયેલા સંયુક્ત નિવેદનમાં, બાંગ્લાદેશે તેના મોંગલા બંદરને આધુનિક બનાવવા અને વિકસાવવા માટે ચીનનું સ્વાગત કર્યું. ચીન લાંબા સમયથી આના પર નજર રાખતું હતું. ચીનના ભારે દબાણને અવગણીને, હસીના સરકારે જુલાઈ ૨૦૨૪માં ભારતને તેમાં ટર્મિનલ વિકસાવવાના અધિકારો આપ્યા.

યુનુસ સરકારે જાહેરાત કરી છે કે ચીન ચટ્ટોગ્રામમાં એક ખાસ આર્થિક ક્ષેત્ર સ્થાપશે. આ ભારતના વ્યૂહાત્મક હિતો માટે એક મોટો પડકાર હશે. અત્યાર સુધી ભારત બાંગ્લાદેશને તેના ઉત્તર-પૂર્વ ક્ષેત્રને ચીન તરફથી ભવિષ્યના પડકારોથી બચાવવા માટે સહયોગ કરી રહ્યું હતું. પરંતુ હવે યુનુસ સરકારે ચીનને ઉત્તરપૂર્વીય રાજ્યોના સૌથી નજીકના બંદર ચટ્ટોગ્રામ નજીક સ્થાયી કરવા માટે વ્યવસ્થા કરવાનો હેતુ વ્યક્ત કર્યો છે.

અહેવાલો અનુસાર, ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે કહ્યું કે, 'ચીન બાંગ્લાદેશમાં એક ખાસ ચીની ઔદ્યોગિક આર્થિક ક્ષેત્ર અને ઔદ્યોગિક પાર્ક બનાવવામાં મદદ કરશે. ચીનમાં વધુ બાંગ્લાદેશી ઉત્પાદનો આવવાનું અને અબજો ડોલરના બેલ્ટ એન્ડ રોડ ઈનિશિયેટિવ (BRI) પ્રોજેક્ટ્સ તેમજ ડિજિટલ અને દરિયાઈ અર્થતંત્રમાં સહયોગનું પણ સ્વાગત કર્યું.'

# તંત્રી લેખ......

## દેશ ધર્મશાળા નથી

અમેરિકા સહિત દુનિયાભરમાં જ્યારે ગેરકાયદે પ્રવાસીને લઈને ચર્ચા ગરમ છે અને દરેક દેશ પોતાને ત્યાં રહેતા ગેરકાયદે નાગરિકોને હાંકી કાઢવા માટે પ્રયાસરત છે, ત્યારે ભારતમાં પ્રવાસન નીતિને લઈને વિધેયક પર ચર્ચા ધ્યાન ખેંચનારી રહી. આઝાદી બાદથી ભારત બહારથી આવનારા લોકો માટે આ દેશ ધર્મશાળા જેવો બની રહ્યો. તેનું કારણ છે કે ભારતથી અલગ થયેલા પાકિસ્તાન, બાંગ્લાદેશ ઉપરાંત પડોશી નેપાળ, ભુટાન, મ્યાંમાર, શ્રીલંકા, અફઘાનિસ્તાનથી લોકો ભારત આવીને રહેતા-વસતા રહ્યા. ભારત બહારના નાગરિકો માટે એક સુરિક્ષત દેશ રહ્યો છે, પરંતુ આજે સ્થિતિ બદલાઈ રહી છે. ખોટી દાનતથી આવનારા પ્રવાસી, ગેરકાયદે નાગરિકો ભારત માટે સમસ્યા બનતા જાય છે. ભારતની ડેમોગ્રાફીમાં બદલાવની દાનતથી, આતંકવાદ, ઉપદ્રવ, અશાંતિ ફેલાવવાના ઉદ્દેશ્યથી લોકો આવવા લાગ્યા છે, જે ભારત માટે ચિંતાની વાત છે. ગૃહમંત્રી અમિત શાહે સંસદમાં 'આપ્રવાસ અને વિદેશીઓ વિષયક વિધેયક, ૨૦૨૫' પર ચર્ચા દરમ્યાન જવાબમાં બે સ્પષ્ટ સંદેશ આપ્યા છે કે 'ભારત કોઈ ધર્મશાળા નથી કે ગમે તે અહીં આવીને રહી જાય, અશાંતિ માટે આવનારા લોકો સામે સરકાર કઠોરતા રાખશે.' જોવામાં આવ્યું છે કે દેશમાં ગેરકાયદે ઘૂસણખોરી કરનારા આતંકવાદ, હિંસા, ડ્રગ્સ તસ્કરી વગેરેમાં સંડોવાયેલા રહે છે, જે દેશની શાંતિમાં ખલેલનું કારણ બની રહ્યા છે. ભારત સરકારની પ્રવાસન નીતિ કઠોરતા અને કરુણાનું મિશ્રણ છે. નવા વિધેયકમાં જોગવાઈ છે કે ભારતમાં વેપાર, શિક્ષણ અને શોધ માટે આવનાર લોકોનું સ્વાગત થશે, પરંતુ ખોટા ઉદ્દેશ્યથી અને અશાંતિ ફેલાવવાના મનસૂબા સાથે દાખલ થનારાઓ સામે કઠોરતા રાખવામાં આવશે.શાંતિ અને સુરક્ષા માટે આ નીતિ જરૂરી છે. ભારતમાં કોણ આવે છે અને કેટલાય સમય માટે ।વે છે, દેશની સુરક્ષા માટે સરકારને એ જાણવાનો અધિકાર છે. દુનિયાના તમામ દેશોમાં બહારતી આવનારા લોકો માટે કઠોર નિયમ છે. ભારત પણ આ દિશામાં આગળ વધી રહ્યું છે, જે સકારાત્મક છે. ભારતે અત્યાર સુધી શરણાર્થી સંબંધી આંતરરાષ્ટ્રીય સંધિ પર હસ્તાક્ષર નથી કર્યા. તેની પાછળ સરકારની દલીલ છે કે પાંચ હજાર વર્ષથી પ્રવાસીઓ વિશે ભારતનો ટ્રેક રેકોર્ડ બેદાગ રહ્યો છે અને દેશને કોઈ શરણાર્થી નીતિની જરૂર નથી. ભારતનો શરણાર્થીઓ પ્રત્યે એક ઈતિહાસ રહ્યો છે. પારસી ભારતમાં આવ્યા. ઈઝરાયલથી યહૂદી ભારતમાં આવી રહ્યા છે. કાળક્રમમાં અનેક લોકો વસવાની દષ્ટિએ આવ્યા. પરંતુ હવે સ્થિતિ બદલાઈ છે, અશાંતિ ફેલાવનારાં તત્ત્વોને રોકવાં જરૂરી છે. આખી દુનિયાના અર્થતંત્રની યાદીમાં ભારત એક 'બ્રાઈટ સ્પોટ' બનીને ઉભર્યં છે, એક વિનિર્માણ કેન્દ્ર બનીને ઉભર્યું છે અને એવામાં દેશમાં આવનારા લોકોની સંખ્યા વધશે. ભારતના વિકાસમાં યોગદાન કરવા માટે આવનારા દેશ માટે ઉપયોગી ગણાશે, પરંતુ અસ્થિરતા અને અશાંતિ ફેલાવવા કોઈ આવશે તો તેમને કઠોરતાથી કચડી નાખવા જરૂરી છે. બાંગ્લાદેશ અને રોહિંગ્યા ઘૂસણખોરો કઈ રીતે સરકાર માટે સંકટ બન્યા છે તે કોઈથી છૂપું નથી. ભારત છ પડોશી દેશોના પ્રતાડિત લોકોને નાગરિકતા સંશોધન કાયદા (સીએએ)ના માધ્યમથી નાગરિકતા આપી રહ્યું છે. ભારતને એક સુરિક્ષત અને નાગરિક વિનિયમન રાષ્ટ્ર તરીકે સ્થાપિત કરવું જરૂરી છે. નાગરિકતાને લઈને ભારતની સોફ્ટ પાવર છબિને બદલીને કઠોર નિરીક્ષણ સાથે નિયમ આધારિત બનાવવી જ જોઈએ. નાગરિકતા પર રાજનીતિ ન થવી જોઈએ.

# વિક્લી માર્કેટ રિપોર્ટ : સોનાના વાયદામાં રૂ.૩૨૨ની સાપ્તાહિક ધોરણે નરમાઈ: ચાંદીના વાયદામાં રૂ.૧,૯૨૧ અને ક્રૂડ તેલના વાયદામાં રૂ.૯૮નો ઉછાળો

## કોટન-ખાંડી વાયદો રૂ.૬૬૦ ઘટ્યો: મેન્થા તેલ, નેચરલ ગેસ, બિનલોહ ધાતુઓના વાયદાઓ પણ નરમ: કોમોડિટી વાયદાઓમાં રૂ.૧,૪૯,૦૯૦ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧૧૨૩૫૦૬ કરોડનું ટર્નઓવર: બુલડેક્સ વાયદામાં રૂ.૨૫ કરોડનાં કામકાજ

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૨૧થી ૨૭ માર્ચ સુધીના સપ્તાહ દરમિયાન ૮૨,૬૦,૩૮૨ સોદાઓમાં કુલ રૂ.૧૨,૭૨,૬૨૩.૦૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧,૪૯,૦૯૦.૭૮ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૧૨૩૫૦૬.૭૯ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૮,૫૭,૧૮૪ સોદાઓમાં રૂ.૧,૦૩,૯૧૯.૧૧ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૮૮,૪૩૧ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૮૮,૬૧૯ અને નીચામાં રૂ.૮૭,૧૭૨ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૩૨૨ ઘટી રૂ.૮૮,૩૮૪ના ભાવે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની એપ્રિલ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૩૮૯ ઘટી રૂ.૭૧,૭૦૪ અને ગોલ્ડ-પેટલ એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૪૨ ઘટી રૂ.૯,૦૨૪ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૩૩ ઘટી રૂ.૮૮,૨૧૩ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો સપ્તાહના પ્રારંભે ૧ કિલોદીઠ રૂ.૯૯,૦૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧,૦૧,૫૪૩ અને નીચામાં રૂ.૯૭,૧૪૭ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧,૯૨૧ વધી રૂ.૧,૦૧,૩૧૩ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૧,૮૫૪ વધી રૂ.૧,૦૧,૧૭૧ અને ચાંદી-માઈક્રો એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૧,૮૪૮ વધી રૂ.૧,૦૧,૧૬૧ બંધ થયો હતો. બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧,૦૫,૬૩૪ સોદાઓમાં રૂ.૧૬,૭૮૦.૦૮ કરોડના વેપાર થયા હતા. તાંબુ એપ્રિલ વાયદો રૂ.૯૦૮.૬૦ના ભાવે ખૂલી, રૂ.૮.૩૦ ઘટી રૂ.૯૦૧.૬૦ જ્યારે એલ્યુમિનિયમ એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૯.૪૦ ઘટી રૂ.૨૫૧.૨૦ તેમ જ સીસું એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૧.૦૫ ઘટી રૂ.૧૮૨ના ભાવ થયા હતા. જસત એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૩.૨૫ ઘટી રૂ.૨૭૩ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની એપ્રિલ વાયદો ૧ કિલોદીઠ રૂ.૯.૩૦ ઘટી રૂ.૨૫૧.૬૦ સીસુ-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૧.૦૫ ઘટી રૂ.૧૮૨.૧૫ જસત-મિની એપ્રિલ વાયદો રૂ.૩.૦૫ ઘટી રૂ.૨૭૨.૯૦ બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૬,૭૯,૬૦૭ સોદાઓમાં રૂ.૨૮,૩૫૮.૫૬ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો સપ્તાહના પ્રારંભે ૧ બેરલદીઠ રૂ.૫,૯૧૫ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬,૦૩૫ અને નીચામાં રૂ.૫,૮૪૯ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૯૮ વધી રૂ.૫,૯૯૫ બોલાયો હતો. ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.૯૯ વધી રૂ.૫,૯૯૫ બંધ થયો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩૪૬ના ભાવે ખૂલી, રૂ.૧૪.૧૦ ઘટી રૂ.૩૩૭.૯૦ અને નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો ૧૪.૬ ઘટી ૩૩૭.૭ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૩૩.૦૩ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી મે વાયદો સપ્તાહના પ્રારંભે ૧ ખાંડીદીઠ રૂ.૫૩,૬૭૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૪,૪૦૦ અને નીચામાં રૂ.૫૩,૬૭૦ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૬૬૦ ઘટી રૂ.૫૩,૯૦૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૩.૪૦ ઘટી રૂ.૯૨૭.૩૦ બોલાયો હતો.

કામકાજની દષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૭૦,૭૮૨.૯૮ કરોડનાં ૮૦,૨૯૨.૬૪૨ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૩૩,૧૩૬.૧૩ કરોડનાં ૩,૩૩૪.૦૪૯ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૪,૫૯૯.૭૩ કરોડનાં ૭૭,૪૦,૧૬૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૨૩,૭૫૮.૮૩ કરોડનાં ૭૦,૨૯,૭૩,૦૦૦ એમએમબીટીયૂનાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૨,૧૭૬.૭૨ કરોડનાં ૮૫,૩૬૮ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૩૦૯.૫૨ કરોડનાં ૧૭,૦૭૫ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૧૧,૪૯૭.૩૮ કરોડનાં ૧,૨૬,૭૬૮ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૨,૭૯૬.૪૬ કરોડનાં ૧,૦૧,૩૦૫ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૧૮.૩૭ કરોડનાં ૧૩,૮૨૪ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૧૪.૬૬ કરોડનાં ૧૫૮.૦૪ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર સપ્તાહના અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૨૩,૬૪૮.૧૦૪ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૧,૦૨૨.૫૪૮ ટન, તાંબાના વાયદાઓમાં ૨૨,૬૮૨.૫૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૧,૪૦૦ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૨,૬૨૧ ટન તથા જસત અને જસત-મિનીમાં ૧૪,૩૦૩ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૭,૨૦,૦૨૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૧,૮૫,૬૭,૫૦૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૦,૯૪૪ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૮૭.૧૨ ટનના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૨૫.૪૮ કરોડનાં ૩૦૧ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૧૦૧ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ એપ્રિલ વાયદો ૨૧,૦૧૦ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૨૧,૧૫૬ અને નીચામાં ૨૦,૭૬૭ બોલાઈ, ૩૮૯ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૨૯ પોઈન્ટ ઘટી ૨૧,૧૫૦ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૧૨૩૫૦૬.૭૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૯૮૬૪૮.૧૯ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૮૩૭૪.૨ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૭૨૫૯૩.૩૪ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૧૨૫૯૪.૬૫ કરોડનાં કામકાજ થયાં હતાં.

# સમાન નાગરિક સંહિતા અંગે યુ.સી.સી. સમિતિના સભ્યો દ્વારા ભુજમાં કલેકટર કચેરી ખાતે બેઠક યોજાઈ



ગુજરાતમાં સમાન નાગરિક સંહિતા સંદર્ભે યુ.સી.સી.ની સમિતિના સભ્યો શ્રી સી.એલ.મીના તથા એસ.આર.ગોસ્વામીની ઉપસ્થિતિમાં આજે જિલ્લા કલેક્ટર કચેરી ભુજ ખાતે બેઠક યોજવામાં આવી હતી. જેમાં સમિતિના સભ્યો દ્વારા યુ.સી.સી. અંગે સમાજના વિવિધ સમુદાય, વર્ગો, સામાજિક-ધાર્મિક સંસ્થાના પ્રતિનિધિઓ, પ્રબુદ્ધ નાગરિકો પાસેથી સમાન નાગરિક સંહિતા (UCC)ના અમલીકરણમાં ક્યા મુદ્દાઓને સામેલ કરવા જોઈએ એ સંદર્ભમાં મૌખિક તથા લેખિત પ્રતિભાવો-અભિપ્રાયો મેળવવામાં આવ્યા હતા.

સમાન નાગરિક સંહિતા મામલે રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત સમિતિના સભ્ય શ્રી સી.એલ.મીનાએ બેઠકમાં કહ્યું હતું કે, ગુજરાતમાં સમાન નાગરિક સંહિતા લાગુ કરવાની જરૂરિયાતનું મૂલ્યાંકન કરવા માટે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ (નિવૃત્ત) શ્રી રંજના પ્રકાશ દેસાઈની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી છે. સમિતિના સભ્યો રાજ્યના તમામ જિલ્લાઓમાં જઈને યુ.સી.સી. અંગે રજૂઆતો સાંભળીને અભિપ્રાયો મેળવી રહ્યા છે.

શ્રી મીનાએ ઉપસ્થિત સૌને યુ.સી.સી. વિશે વિગતવાર સમજણ આપી હતી તેમજ તેના વિશે પ્રવર્તતી ગેરસમજ અંગે વિગતવાર વાત કરતા તેમણે ખાસ કહ્યું હતું કે, સમાન નાગરિક સંહિતા કોઈ જ્ઞાતિ કે સમાજના વિશેષ વર્ગને ટાર્ગેટ કરતી નથી. ઉપરાંત તે કોઈ ધર્મ કે સંપ્રદાયના રીતિ-રિવાજને પણ સ્પર્શતી નથી. વર્તમાન સમયમાં લિવ ઈન રિલેશનશિપથી સમાજમાં જે પ્રકારના વિવિધ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે, ત્યારે કાયદાથી લિવ ઈન રિલેશનશિપનું રજિસ્ટ્રેશન હોવું જોઈએ તેવો એક વિચાર છે. આ સમિતિએ ઉપસ્થિત પ્રબુદ્ધ લોકોને સમાન નાગરિક સંહિતાના કારણે ધર્મની સ્વતંત્રતા, લગ્ન પદ્ધતિઓ અંગેની વિવિધ ઉદ્ભવેલી ભ્રાંતિઓથી આશ્વસ્ત કર્યા હતાં. આ તકે કચ્છના ઉપસ્થિત ધારાસભ્યો સવશ્રી કેશુભાઈ પટેલ, માલતીબેન મહેશ્વરી, ત્રિકમભાઈ છાંગા, અનિરુધ્ધભાઈ દવે, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જનકસિંહ જાડેજા, ભુજ નગર પાલિકા પ્રમુખશ્રી રશ્મિબેન સોલંકી તેમજ અન્ય રાજકીય, સામાજિક, ધાર્મિક અગ્રણીઓ તેમજ વિવિધ સામાજિક સંસ્થાઓ, સમાજના વિવિધ વર્ગના પ્રતિનિધિઓએ અને પ્રબુદ્ધ નાગરિકોએ લગ્ન, છૂટાછેડા, ભરણપોષણ, મિલકતના અધિકારો, ધર્મ આધારિત કૌટુંબિક કાયદાઓ, લીવ-ઈન રિલેશનશિપમાં મહિલાઓના અધિકારો, નાણાકિય સહાય તેમજ વારસાના અધિકારોનું રક્ષણ જેવા વિષયો પર સમાન સિવિલ કોડ સમિતિ સમક્ષ પોતાના વિચારો રજૂ કર્યા હતાં. શ્રી મીનાએ જણાવ્યું હતું કે, યુ.સી.સી. ભારતીય સંસ્કૃતિ અને તમામ ધર્મોને આદર આપે છે. વિવિધ ધર્મ-સંપ્રદાયમાં જોવા મળતા રીતિ-રિવાજોને પણ યુ.સી.સી. આદર આપે છે. રાજ્યનો કોઈપણ નાગરિક સમાન નાગરિક સંહિતા માટે વેબ-પોર્ટલ **https://uccgujarat.in** પર અથવા - સમાન સિવિલ કોડ સમિતિ ઑફિસ, કર્મયોગી ભવન, બ્લોક નં.૧, વિભાગ એ, છઠ્ઠો માળ, સેક્ટર ૧૦ એ, ગાંધીનગર, પિન-૩૮૨૦૧૦ પર પોતાના મંતવ્યો અને સૂચનો રજૂ કરી શકશે. આ બેઠકમાં જિલ્લા કલેક્ટર શ્રી આનંદ પટેલ, પશ્ચિમ કચ્છ એસ.પી શ્રી વિકાસ સૂંડા, પૂર્વ કચ્છ એસ.પી શ્રી સાગર બાગમાર, ગાંધીધામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી મિતેશ પંડ્યા, નિવાસી અધિક કલેકટરશ્રી દિપેશ ચૌહાણ, ડીઆરડીએના ડાયરેકટરશ્રી નિકુંજ પરીખ તથા સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓ, જિલ્લાના પ્રબુદ્ધ નાગરિકો, વકીલ મંડળના પ્રમુખો, સામાજિક કાર્યકરો, વિવિધ સંસ્થાના અગ્રણીઓ, સ્કૂલ- કોલેજના આચાયશ્રીઓ, ધાર્મિક સંસ્થાનોના પ્રતિનિધિઓએ ઉપસ્થિત રહી સમાન સિવિલ કોડ અંગે પોતાના સૂચનો-મંતવ્યો રજૂ કર્યા હતાં.

- જિજ્ઞા વરસાણી

### મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે દહેજમાં

# ગુજરાત સરકારના સાહસ GACLના દેશના સૌથી મોટા ક્લોરોટોલ્યુન પ્લાન્ટનું વર્ચ્યુઅલ લોકાર્પણ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ લિમિટેડના દહેજમાં સ્થપાયેલા દેશના સૌથી મોટા ક્લોરોટોલ્યુન પ્લાન્ટનું દહેજમાં GACLના સ્થાપના દિવસે વર્ચ્યુઅલ લોકાર્પણ કર્યું હતું.

ગુજરાત સરકારના આ સાહસ દ્વારા ક્લોરિનનો ઉપયોગ કરીને બેન્ઝાઈલ ક્લોરાઈડ, બેન્ઝાઈલ આલ્કોહોલ અને બેન્ઝાલડિહાઈડ જેવા મૂલ્ય વર્ધિત ક્લોરિન આધારિત ઉત્પાદનો આ નવા પ્લાન્ટમાં કરાશે.

મુખ્યમંત્રીશ્રીએ લોકાર્પણ કરેલો આ નવ સ્થાપિત પ્લાન્ટ રૂ.૩૫૦ કરોડના ખર્ચે તૈયાર થયો છે. એટલું જ નહીં, વાર્ષિક ૩૦ હજાર ટનની ક્ષમતા સાથે પ્રત્યક્ષ અને પરોક્ષ મળીને અંદાજે ૧ હજાર જેટલી રોજગારીનું સર્જન પણ કરશે.

GACLનો આ નવો ક્લોરોટોલ્યુન પ્લાન્ટ યુરોપ, અમેરિકા અને દક્ષિણ એશિયામાં આ કેમિકલના એક્સપોર્ટ દ્વારા અંદાજે રૂ.૧૩૦ કરોડનું વિદેશી હૂંડિયામણ રળી આપશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે GACLના સ્થાપના દિવસ અવસરે કાર્યરત થઈ રહેલા આ નવા પ્લાન્ટ માટે અને GACLની ૫૦ વર્ષની પ્રગતિમય સફળતા માટે GACL પરિવારને અભિનંદન પાઠવીને પ્રસંશા કરી હતી.

GACLના કાર્યકારી વહીવટી સંચાલક અને મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રીમતી અવંતિકા સિંઘે મુખ્યમંત્રીશ્રીને આ અંગે વધુ વિગતો આપતાં કહ્યું કે, રાજ્ય સરકારનું સાહસ GACL ૧૯૭૩થી કાર્યરત છે અને દહેજમાં બે તથા વડોદરામાં એક મળીને કુલ ત્રણ ઉત્પાદન એકમોમાં કોસ્ટિક સોડા સહિત ૩૫થી વધુ ઉત્પાદનો કરે છે. GACLએ પાછલા પાંચ દાયકામાં પોતાની ઉત્પાદન ક્ષમતા વધારીને તથા નવા ઉત્પાદનો દ્વારા સતત વિસ્તરણ કર્યું છે. GACL આઠ લાખ મેટ્રિક ટનથી વધુ કોસ્ટિક સોડાના વાર્ષિક ઉત્પાદન ક્ષમતા ધરાવે છે તથા સોડિયમ ક્લોરેટ અને હાઈડ્રેઝિન હાઈડ્રેટનું ભારતમાં એકમાત્ર ઉત્પાદન એકમનું ગૌરવ ધરાવે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે દહેજ ખાતેના GACLના નવા પ્લાન્ટનું આ વર્ચ્યુઅલ લોકાર્પણ કર્યું તે અવસરે મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, મુખ્યમંત્રીશ્રીના સલાહકાર શ્રી એસ.એસ. રાઠૌર, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી મનોજકુમાર દાસ, જી.આઈ.ડી.સી.ના એમ.ડી. સુશ્રી પ્રવિણા ડી.કે. તથા GACLના વરિષ્ઠ અધિકારીઓ અને જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## હાલોલના ભાટ ગામના જંગલ વિસ્તારમાં લાગી ભીષણ આગ

(સંપૂર્ણ સમાચાર સેવા)હાલોલ

ગુજરાતમાં અવારનવાર આગ લાગવાની ઘટના બનતી હોય છે. ત્યારે ફરી એક વાર ગુજરાતમાં આગની ઘટના બની છે. પંચમહાલના હાલોલના ભાટ ગામના જંગલ વિસ્તારમાં ભીષણ આગ લાગી હોવાની ઘટના બની છે. ભીષણ આગ લાગતા દૂર દૂર સુધી ધુમાડો જોવા મળ્યો હતો. જંગલ વિસ્તારની ટેકરીઓ પર આગ લાગી હતી. આગ પર કાબુ મેળવવા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે. જીએમડીસીની ટીમ દ્વારા આગ પર કાબુ મેળવવા માટે પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. બીજી તરફ આ અગાઉ સુરતના કડોદરા ચાર રસ્તા નજીક ટ્રકમાં આગ લાગી હતી. ઉંભેળ ગામની સીમમાં ટ્રાન્સપોર્ટ પાર્કિંગમાં આગ લાગવાની ઘટના બની હતી.

### ગુજરાતના SC બહુમતી ધરાવતા ગ્રામીણ વિસ્તારોમાં ૧૦૦% ઘરો સુધી પહોંચ્યું નળ કનેક્શન

# ગુજરાતના SC બહુમતી ધરાવતા ગ્રામીણ વિસ્તારોમાં ૬,૦૦૦ કિમી લાંબી પાઈપલાઈન દ્વારા ૬૮,૦૦૦થી વધુ ઘરોને મળ્યું 'નલ સે જલ' કનેક્શન

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં, જલ જીવન મિશન (JJM) અંતર્ગત એક નોંધપાત્ર સિદ્ધિ હાંસલ થઈ છે. હવે ગ્રામીણ ભારતમાં ૧૭૨ લાખથી વધુ અનુસૂચિત જાતિ (SC) ઘરોમાં નળ જોડાણથી પીવાનું શુદ્ધ પાણી ઉપલબ્ધ થયું છે. આ સિદ્ધિ દરેક નાગરિક માટે પાણીને મૂળભૂત અધિકાર અને આવશ્યક સંસાધન તરીકે સુનિશ્ચિત કરવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. આ અંગેની માહિતી તાજેતરમાં લોકસભામાં કેન્દ્રીય જળશક્તિ રાજ્યમંત્રી શ્રી વી. સોમન્નાએ આપી હતી.

દેશના SC બહુમતી ધરાવતા ગ્રામીણ ક્ષેત્રોમાં ૮૦% ઘરો સુધી પહોંચ્યું નળ કનેક્શન

ઉલ્લેખનીય છે કે, ઓગસ્ટ ૨૦૧૯થી ભારત સરકારે રાજ્યોના સહયોગથી જલ જીવન મિશન (JJM) યોજના લાગુ કરી છે, જેમાં અગાઉના નેશનલ રુરલ ડ્રિંકિંગ વૉટર પ્રોગ્રામ (NRDWP)નો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ મિશનનું લક્ષ્ય દરેક ગ્રામીણ પરિવાર, ખાસ કરીને અનુસૂચિત જાતિ (SC) પરિવારોને ૫૫ લિટર પ્રતિ વ્યક્તિ પ્રતિ દિન (lpcd) BIS:10500 ગુણવત્તા ધરાવતું શુદ્ધ પીવાનું પાણી ફંક્શનલ ટૅપ કનેક્શન (કાર્યાત્મક નળ જોડાણ)ના માધ્યમથી ઉપલબ્ધ કરાવવાનું છે. SC બહુમતી ધરાવતા ગ્રામીણ વિસ્તારોને પ્રાથમિકતા આપવા માટે, JJM ફંડ ફાળવણીમાં ૧૦% વેઈટેજ આપવામાં આવ્યું છે.

કેન્દ્રીય જળશક્તિ રાજ્યમંત્રી શ્રી વી. સોમન્નાના જણાવ્યા અનુસાર, ૧૭ માર્ચ ૨૦૨૫ સુધીમાં, દેશના અનુસૂચિત જાતિ બહુમતી ધરાવતા ગ્રામીણ વિસ્તારોમાં ૨૧૫ લાખથી વધુ ગ્રામીણ પરિવારોમાંથી ૧૭૨ લાખથી વધુ (૮૦.૧૨%) પરિવારોને નળ કનેકશન મળી ચૂક્યા છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત પણ દેશના એવા અગ્રેસર રાજ્યોની યાદીમાં સામેલ છે જેમણે SC બહુમતી ધરાવતા ગ્રામીણ વિસ્તારોમાં ૧૦૦% 'નલ સે જલ' કવરેજ પ્રાપ્ત કર્યું છે.

ગુજરાતમાં SC બહુમતી ધરાવતા ગ્રામીણ વિસ્તારોમાં ૪૧૨ કરોડના ખર્ચે ૬,૦૦૦ કિમી લાંબી પાઈપલાઈન નાખવામાં આવી

માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર દ્વારા રાજ્યના SC બહુમતી ધરાવતા ગ્રામીણ વિસ્તારોમાં ૧૦૦% ઘરોમાં નળ કનેક્શન સુનિશ્ચિત કરવા માટે જલ જીવન મિશન હેઠળ ૪૧૨ કરોડના ખર્ચે ૬,૦૦૦ કિલોમીટર લાંબી પાઈપલાઈન પાથરવામાં આવી છે.

# ડિવિઝનલ રેલ્વે મેનેજર અમદાવાદે ડીઝલ શેડ સાબરમતી ખાતે પ્રથમ TOH શેડ્યૂલ પછી લોકોમોટિવ ૩૩૩૧૦ને લીલી ઝંડી આપી



પશ્ચિમ રેલ્વેના ડીઝલ શેડ સાબરમતી ખાતે એક મહત્વપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી સુધીર કુમાર શર્માએ પ્રથમ TOH (ટર્મ ઓવરહોલિંગ) થયા પછી રેલ સેવામાં સમર્પિત લોકોમોટિવ ૩૩૩૧૦ ને લીલી ઝંડી આપી હતી.આ એક મહત્વપૂર્ણ સિદ્ધિ હતી કારણ કે તે ડીઝલ શેડ સાબરમતીની સખત મહેનત અને તકનીકી ક્ષમતાનું પ્રતીક છે જે તેની સેવાઓને વધુ સુધારવા માટે સતત પ્રયત્નશીલ છે.

આ ઉપરાંત, ડિવિઝનલ રેલ્વે મેનેજરે ડીઝલ શેડ સાબરમતીમાં ઈન્ડોર ગેમ્સ માટે એક નવા રૂમનું પણ ઉદ્ઘાટન કર્યું.આ રૂમનું ઉદ્ઘાટન કર્મચારીઓના સ્વાસ્થ્ય અને માનસિક તાજગીને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી કરવામાં આવ્યું છે જેથી તેઓ તેમના રોજિંદા જીવનમાં કસરત અને મનોરંજનની તકો મેળવી શકે.શેડ ટીમ માટે આ એક સકારાત્મક પગલું છે જે કાર્યસ્થળમાં ટીમ ભાવના અને સહયોગને પ્રોત્સાહન આપે છે.

આ કાર્યક્રમ દરમિયાન ડીઝલ શેડની મહિલા કર્મચારીઓ દ્વારા ટેબલ ટેનિસ મેચનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જે શેડની મહિલાઓની ખેલદિલી અને કાર્યક્ષમતાનું ઉત્તમ ઉદાહરણ હતું.આ મેચ કર્મચારીઓમાં આત્મવિશ્વાસ અને ટીમ ભાવના વધારવાની સારી તક હતી. આ સાથે,ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં શેડની કામગીરીની પણ વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી શર્માએ શેડના વિવિધ વિભાગના પ્રમુખઓ સાથે એક બેઠક યોજી હતી જેમાં લોકો કામગીરી સુધારવા અને કાર્યક્ષમતા વધારવા માટે ચર્ચા કરવામાં આવી હતી.આ ચર્ચામાં,તમામ વિભાગોના પાસેથી તેમની ક્રિયાઓ અને સુધારાના ક્ષેત્રો અંગે સૂચનો લેવામાં આવ્યા હતા, જેથી ભવિષ્યમાં શેડની કાર્યક્ષમતા અને કામગીરીમાં વધુ સુધારો થઈ શકે.

આ કાર્યક્રમ દરમિયાન, ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી સુધીર કુમાર શર્માએ તમામ કર્મચારીઓને તેમના કાર્યમાં સતત શ્રેષ્ઠતા જાળવી રાખવા અને ભારતીય રેલ્વેના વિકાસમાં યોગદાન આપતા રહેવા જણાવ્યું.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004.
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

NA થયા વિનાની જમીન અંગે સરકારનો મોટો નિર્ણય

# હવે કોઈ નહીં પચાવી શકે તમારું મકાન અને જમીન

## ગુજરાત જમીન મહેસૂલ(સુધારા) વિધેયક પસાર થયું: NA થયા વિનાની જમીનમાં બનેલા મકાનો નિયમિત કરી શકાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

વિધાનસભા ગૃહમાં ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયક, ૨૦૨૫ બિલ પસાર કર્યુ છે. જેમાં સરકારે NA થયા વિનાની જમીન અંગે એવો નિર્ણય લીધો કે, ગુજરાતના ૩૦ લાખથી વધુ મકાનોને તેનો સીધો ફાયદો થશે. રાજયમાં બિનખેતી કરાવ્યા વિનાની જમીન પર મંજૂરી વિના કરેલા બાંધકામ-મિલકતના હક્કો આપી, વિશેષ આર્થિક લાભ આપવાના હેતુથી બિલમાં સુધારો કરાયો છે. જેમાં નાગરિકોને રહેણાંકની પાયાની જરૂરિયાતના કાયદેસરના હક્ક પ્રાપ્ત થાય અને તેમના સર્વાંગી હિતો સુનિશ્ચિત કરવાનો રાજ્ય સરકારનો આશય છે. સુધારા દાખલ થવાથી આ કાયદા સંબંધિત અર્થઘટનના પ્રશ્નો, લિટિગેશન અને વહીવટી ગૂંચવણો ઘટશે તેવું સરકારનું માનવું છે. ત્યારે આવામાં સરકારના ધ્યાને આવ્યું હતું કે, NA થયા વિનાની જમીન લોકો માટે મોટી સમસ્યા બની હતી. ત્યારે હવે એનએ વગરની જમીનવાળાને સીધો ફાયદો થશે.

કાયદો પસાર થતા હવે વર્ષોથી પોતાની માલિકીની જમીન પર બાંધકામ કર્યા પછી નિયમિત થતું ન હોય, કોઈ સોસાયટી નિયમિત ન થતી હોય તેવી સોસાયટીના મકાન માલિકો બાકી પ્રીમિયમ, દંડ કે વ્યાજ ભરીને દસ્તાવેજ કરી શકશે અને મકાન કાયદેસર થઈ શકશે. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે સરકારની આ ઉદારતા એવા લોકો માટે છે કે જેમણે પોતાની જમીન પર બાંધકામ કર્યુ છે, પણ જરૂરી પરવાનગીઓ લેવાનું કોઈને કોઈ કારણોસર ચૂકી ગયા છે. પોતાની જમીનના પ્લોટ પાડીને કોઈએ વેચ્યા, તેના પર પ્લોટ લઈને મકાન બનાવ્યું. એ વ્યક્તિને ખ્યાલ નથી કે વેચનારે બિનખેતીની પરવાનગી લીધી નથી કે બીજી નિયમ અનુસારની પરવાનગીઓ લીધી નથી. અજાણતા શરત ભંગ થયો છે. કાયદાની જાણકારીના અભાવે શરત ભંગ થયો છે અથવા તો ઈરાદાપૂર્વક ન થઈ હોય તેવી ભૂલને કારણે તેમને સહન કરવું ન પડે તે આ બિલનો હેતુ છે. મંત્રી રાજપૂતે કહ્યું હતું કે, વર્ષ ૨૦૧૭માં સુધારેલા કાયદામાં કેટલાક સુધારા લાવવા જરૂરી જણાતા ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ ૧૮૭૯ના પ્રકરણ-૯(ક)ની કલમ-૧૨૫(છ)(૧) ની જોગવાઈને વધુ અસરકારક બનાવવાના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા સૂચિત સુધારા બિલ ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયક, ૨૦૨૫ રજૂ કરાયું છે. જે પ્રમાણે પ્રવર્તમાન કાયદાની કલમ-૧૨૫(છ) (૧)માં સુધારો કરીને કલમ-૧૨૫ (છ) (૧)(૧), કલમ-૧૨૫ (છ)(૧)(૨) અને કલમ-૧૨૫ (છ)(૧)(૩) ઉમેરવામાં આવી છે.

કોંગ્રેસના નેતા અમિત ચાવડા અને શૈલેષ પરમારે સુરતની સરકારી જમીનો કે ગૌચરની જમીન પરના બાંધકામ નિયમિત થશે કે નહીં તેની સ્પષ્ટતા કરવાની માગ કરી હતી. જેનો જવાબ આપતા મંત્રીએ કહ્યું કે, કોઈ બિલ્ડર કે સરકારી જમીન પચાવી પાડનારને ફાયદો થશે નહીં

અમેરિકા પહોંચે તે પહેલા પોલીસ પહોંચી

# અમદાવાદના મુસ્લિમ દંપતીએ હિન્દુ નામથી બનાવ્યો પાસપોર્ટ

### વિદેશ જવા બોગસ પાસપોર્ટ કઢાવનાર અમદાવાદના દંપતીની ધરપકડ : બોગસ પાસપોર્ટ કઢાવ્યો હોવાની કબુલાત કરી

(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ

ડુપ્લીકેટ પાસપોર્ટથી અમેરિકા પહોંચે એ પહેલા આરોપીને જેલમાં જવાનો વારો આવ્યો છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે પતિ પત્ની વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. અંદાજે ૨૭ વર્ષ પહેલા બનાવેલા બનાવટી પાસપોર્ટ અંગે ગુનો દાખલ કરી ક્રાઈમ બ્રાન્ચે પતિની ધરપકડ કરી છે. સાથે જ ડુપ્લીકેટ પાસપોર્ટ બનાવનાર એજન્ટની પણ તપાસ શરુ કરાઈ છે. અમદાવાદના રાજેશ સાબુવાલાએ વર્ષ ૧૯૯૮માં હૈદરાબાદના એડ્રેસ પરથી ડુપ્લીકેટ પાસપોર્ટ બનાવીને અમેરિકા જવાની તૈયારી કરી રહેલા દંપતી વિરુદ્ધ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ગુનો નોંધીને આરોપી પતિની ધરપકડ કરી છે. પકડાયેલ આરોપી રાજેશ સાબુવાલાએ તેની પત્ની સલીમા સાબુવાલાએ ખોટા નામ ધારણ કર્યુ હતું. હૈદરાબાદના વ્યક્તિ રાજેશ અગ્રવાલ અને રાધિકા અગ્રવાલ નામે બોગસ પાસપોર્ટ બનાવ્યા હતા. આ પાસપોર્ટના આધારે અમેરિકા વિઝા માટે નોંધણી કરાવી હતી. જોકે વિઝા રદ થતા દંપતી પોતાના અસલ પાસપોર્ટ બનાવીને ફરી વખત અમેરિકા જવાનો પ્રયત્ન કરતા સમગ્ર ભાંડો ફૂટ્યો હતો. જે અંગે ક્રાઈમ બ્રાન્ચે ગુનો નોધી રાજેશ સાબુવાલા ધરપકડ કરી છે.

આ વિશે માહિતી આપતા ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ જયેશ મકવાણાએ જણાવ્યું કે, દંપતીએ અમેરિકાના વિઝા મેળવવા માટે બંને વખત પોતાના ઓરિજનલ ફોટો રજૂ કર્યો હતો. જોકે પાસપોર્ટમાં તેમના નામ અલગ અલગ હોવાથી બોગસ પાસપોર્ટની શંકા સામે આવી હતી. જે માહિતીના આધારે ક્રાઈમ બ્રાન્ચે તપાસ કરતા વર્ષ ૧૯૯૮ માં હૈદરાબાદના એજન્ટ પાસેથી બોગસ પાસપોર્ટ કઢાવ્યો હોવાનું સામે આવ્યું છે. જોકે પાસપોર્ટ પર વિઝા ન મળતા આરોપીએ પાસપોર્ટનો નાશ કર્યો હોવાની કબૂલાત કરી છે. જેથી આરોપી પાસપોર્ટ ક્યાં એજન્ટ પાસેથી બનાવ્યો અને ક્યાં ક્યાં બોગસ દસ્તાવેજનો ઉપયોગ કર્યો હતો છે સાથે જ કેટલા રૂપિયાની આપલે કરવામાં આવી છે તેને લઈ તપાસ શરૂ કરી છે. આરોપી રાજેશ સાબુવાલા જમાલપુર ખાતે વર્ષોથી ચશ્માની દુકાન ધરાવે છે અને પત્ની સલીમા ગૃહિણી છે. જોકે ચોંકાવનારી હકીકત એ છે કે, મુસ્લિમ દંપતીએ હિન્દુ નામ ધારણ કરીને બોગસ પાસપોર્ટ બનાવ્યો હતો તેના પાછળનું કારણ શું છે એ જાણવા પણ પોલીસે કવાયત શરુ કરી છે. હાલ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે આરોપીના રિમાન્ડ મેળવી વધુ તપાસ હાથ ધરી છે.

માર્કેટીંગ યાર્ડમાં ઉંચા ભાવ મળતા ખેડુતોમાં ખુશી

# સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર માર્કેટીંગયાર્ડ ખાતે ઘઉંની મબલખ આવક

### ખેડુતોને મળી રહ્યા છે કવોલિટી પ્રમાણે ઉંચા ભાવ: ૧૫ હજાર બોરીની આવકથી માર્કેટીયાર્ડ ઉભરાયુ



પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર માર્કેટીંગયાર્ડ ખાતે ઘઉની મબલખ આવક શરૂ થઈ છે અત્યાર સુધીમાં તમામ વોર્ડ કરતા હરાજીમાં સૌથી ઉંચા ભાવ મળતા ખેડુતોમાં પણ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. તો આવનાર સમયમાં ઘઉનો ભાવ આસમાને પહોંચે તેવી શકયતા વ્યકત કરવામાં આવી રહી છે. જિલ્લાના હિંમતનગર માર્કેટીંગ યાર્ડ ખાતે તમામ સીઝનમાં ટ્રેકટરોનો ભરાવો થતો હોય છે ત્યારે ઘઉની સીઝન છેલ્લા ૧૦ દિવસથી શરૂ થઈ છે અને ગઈ કાલે તો ઘઉની મબલખ આવક પણ થઈ છે. માર્કેટીંગયાર્ડમાં રોજેરોજ સરેરાશ ૧૦ હજાર થી ૧૫ હજાર બોરી ઘઉંની આવક પણ થઈ છે. ભાવની વાત કરીએ તો ૪૮૦ થી લઈને ૭૨૫ રૂપીયા પ્રતિમણ ના કવોલિટી પ્રમાણે ભાવ મળી રહ્યા છે. ત્યારે ખેડુતોને પુરતા ભાવ મળતા ખેડુતોમાં પણ ખુશી જોવા મળી રહી છે અને મોટી સંખ્યામાં ખેડુતો હિંમતનગર માર્કેટયાર્ડ ખાતે ઘઉ વેચી રહ્યા છે. ઘઉની સીઝનની શરૂઆત થી જ હિંમતનગર માર્કેટયાર્ડ ખાતે ઘઉની આવક શરૂ થઈ ગઈ છે અને જાહેર હરાજીમાં ખેડુતોને ઘઉની કવોલિટી પ્રમાણે ભાવ મળી રહ્યા છે. સરેરાશ ભાવની વાત કરીએ તો ૫૮૦ થી ૭૨૫ સુધી સારા ભાવ મળતા હોય છે અને એટલે સાબરકાંઠા જિલ્લા ઉપરાંત અન્ય જિલ્લા અને તાલુકાઓમાંથી ઘઉની આવક હિંમતનગર માર્કેટયાર્ડ ખાતે વધુ થાય છે. જેને લઈ હિંમતનગર માર્કેટીંગાયાર્ડ ખાતે સારી કવોલિટી પ્રમાણે ભાવ મળી રહ્યા છે. અત્યાર સુધીમાં ૯૮ હજાર કરતા પણ વધુ ઘઉની આવક નોધાઈ છે. ગઈ કાલે અંદાજે ૧૫ હજાર બોરીની આવક થઈ હતી એટલે કે હિંમતનગર માર્કેટમાં સારા ભાવ મળવાની આશાએ અન્ય જિલ્લાના ખેડુતો પણ અહીં ઘઉ લાવી વેચી રહ્યા છે.

# હવે હોસ્પીટલો ઉઘાડી લુંટ નહી ચલાવી શકે : દર્દીના પરીવારોને પાઈપાઈનો હિસાબ મળશે: સરકાર લાવી રહી છે નવુ બીલ



પ્રતિનિધિ,ગાંધીનગર

કેન્દ્ર સરકાર ટુંક સમયમાં એક બીલ ફોર્મેટ કરવા જઈ રહી છે જે તમામ હોસ્પીટલો , નર્સિંગ હોમ અને પરીક્ષણ કેન્દ્રોને લાગુ પડશે. હવે દર્દીઓને દરેક ખર્ચનો હિસાબ મળશે, કોઈ છુપાયેલા ખર્ચ નહી હોય, આ નવા ફોર્મેટમાં દર્દીઓના બીલ ની સંપૂર્ણ વિગતો આપવી ફરજીયાત રહેશે જેનાથી પારદર્શિતા વધશે. બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડર્સ (બીઆઈસી) એ ગયા વરસથી તેની તૈયારી શરૂ કરી દીધી હતી અને હવે તેને અંતિમ મંજુરી મળવાની તૈયારી છે. આ નવી સિસ્ટમ દર્દીઓને તેમની સારવારની સંપૂર્ણ વિતગો આપશે. જેથી દર્દીના પરીવારજનો જાણી શકશે કે કયા પર કેટલો ખર્ચ થયો.

આ નવા ધોરણ હેઠળ દરેક હોસ્પીટલે બીલમાં દર્દીના રૂમનુ ભાડુ, ડોકટરની ફી, સર્જરી ફી, ઓપરેશન થીયેટરના ખર્ચ, દવાઓની યાદી અને તેની કિંમતો, તબીબી વપરાશની વસ્તુઓ(જેમ કે સીરીન્જ, ગ્લોવ્સ) જેવી બધી માહિતી આપવી પડશે. ઓપરેશન દરમિયાન દર્દીને કેટલી દવાઓ આપી , કેટલી સીરીન્જ વપરાઈ, કેટલા ગ્લોવ્સ વપરાયા તેનો પણ હિસાબ આપવો પડશે. ઉપરાંત બીલમાં દવાઓનો બેચ નંબર અને સમાપ્તી તારીખ લખવી જરૂરી રહેશે. ડોકટરોના નામ, ઈમરજન્સી સંપર્ક વિગતો અને છુટની માહિતી જેવી કેટલીક બાબતો વૈકલ્પિક રાખી શકાય છે. આરોગ્ય મંત્રાલયના એક વરીષ્ઠ અધિકારીના જણાવ્યુ અનુસાર ઘણી વખત દર્દીઓને હોસ્પીટલના બીલમાં સાચી માહિતી મળી શકતી નથી જેના કારણે બીલ ચુકવવામાં વિવાદો ઉભા થાય છે. લોકલ સર્કલ્સ ના સર્વેક્ષણમાં જાણવા મળ્યુ હતુ કે મોટાભાગના દર્દીઓને બીલમાં વસ્તુઓ અને સેવાઓની સંપૂર્ણ વિગતો આપવામાં આવતી નથી.

ગયા વરસે સુપ્રિમકોર્ટે કેન્દ્ર સરકારને પણ પુછયુ હતુ કે ખાનગી હોસ્પીટલોના બીલમાં કિંમતો કેમ દેખાતી નથી ? આ નવી સિસ્ટમ દર્દીઓનો વિશ્વાસ વધારશે અને બીલીંગ સંબંધીત ફરીયાદોમાં ઘટાડો કરશે. નવા ધોરણો મુજબ હોસ્પીટલના બીલ સરળભાષામાં હોવા જોઈએ અને તેમના ફોન્ટનુ કદ મોટુ હોવુ જોઈએ. આ બીલ અંગ્રેજી ઉપરાંત સ્થાનિક ભાષાઓમાં ઉપલબ્ધ હશે અને દર્દીઓ તેને ડીઝીટલ અથવા પ્રિન્ટેડ ફોર્મેટમાં મેળવી શકશે. સરકારનો ઉદ્દેશ એ છે કે દરેક હોસ્પીટલ સમાન પારદર્શક વ્યવસ્થા અપનાવે, જેથી દર્દીઓને સાચી માહિતી મળી શકે. બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડર્સ (બીઆઈસીએ) એ ડ્રાફટ તૈયાર કર્યો છે. આરોગ્ય મંત્રાલયના એક વરીષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર તેનો અમલ આગામી ૩-૪ મહિનામાં શરૂ થઈ શકે છે. ડોકટરોનુ કહેવુ છે કે દર્દીના અધિકારો તરફ આ એક મહત્વપૂર્ણ પગલુ છે. જો કે હોસ્પીટલો નિયમોનુ પાલન કરે તે સુનિશ્ચિત કરવા માટે કડક દેખરેખની જરૂર પડશે. આ બીલમાં દર્દીઓને કયા ફાયદા થશે તેની ઉપર નજર કરીએ તો (૧) દર્દીઓ જાણી શકશે કે તેમના પૈસા કયાં ખર્ચાયા છે (૨) હોસ્પીટલો મનસ્વી ભાવ વસુલ કરી શકશે નહી (૩) બીલીંગ સંબંધિત વિવાદો ઓછા થશે (૪) આરોગ્ય સેવાઓમાં પારદર્શિતા વધશે (૫) દર્દીઓને વધુ સારા વિકલ્પ માટે મદદ મળશે.

# રાજયમાં શિક્ષણ વ્યવસ્થા કથળી : બે વરસમાં ૫૦ સરકારી શાળાઓને લાગ્યા ખંભાતી તાળા

### રાજ્ય સરકારે વિધાનસભામાં જાહેર કરેલા આંકડા પ્રમાણે સૌથી વધારે અરવલ્લી , દ્વારકા, પોરબંદર અને અમરેલીમાં શાળાઓ બંધ થઈ



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ખાનગી શાળાઓનો રાફડો ફાટયો છે. સરકારી કરતા સેલ્ફ ફાઈનાન્સ સ્કુલને વધારે મંજુરી આપવામાં આવી રહી છે. તાજેતરમાં વિધાનસભામાં રાજકોટ જિલ્લાના આંકડા જાહેર કરવામાં આવ્યા હતા જેમાં ૪૩ સરકારી શાળા સામે ૪૩૪ ખાનગી શાળાઓ હોવાની માહિતી જાહેર કરાઈ હતી. સરકારને ખાનગી શાળા પ્રત્યે કેટલો લગાવ છે તે વધુ એક વખત સામે આવ્યુ છે. રાજયમાં કથળી રહેલા શિક્ષણ વચ્ચે છેલ્લા બે વરસમાં ૫૦ સરકારી શાળાઓને ખંભાતી તાળા લાગી ગયા છે.

સરકારી શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા હંમેશા ચર્ચાનો વિષય બની રહી છે. સરકારી શાળાઓમાં અપાતા શિક્ષણની ગુણવત્તા પર સવાલ એટલા માટે ઉભા થાય કારણ કે નબળી આર્થિક સ્થિતિ ધરાવતા મા-બાપ પણ સરકારી શાળાઓમાં પોતાના બાળકને ભણવા મુકવા કરતા દેવુ કરીને પોતાની ખાનગી સ્કુલમાં ભણવા મુકવાનુ વધારે પસંદ કરે છે. જો કે બાળક સાવ ન ભણે તેના કરતા ગરીબ મા બાપ પોતાના બાળકને સરકારી શાળામાં મોકલતા હોય છે. પરંતુ રાજય માં સરકારી શાળાઓની સ્થિતિ સારી કહી શકાય તેમ નથી છેલ્લા બે વરસમાં રાજયમાં ૫૬ જેટલી સરકારી શાળાઓ બંધ થઈ ગઈ છે. આ કોઈ આક્ષેપ નથી પરંતુ સરકાર દ્વારા જ સ્વીકારવામાં આવેલી વાત છે. સરકારનુ કહેવુ છે કે ઓછી સંખ્યાને કારણે છેલ્લા બે વરસમાં ૫૬ જેટલી સરકારી સ્કુલો બંધ કરી દેવી પડી છે.

પાટણના ધારાસભ્ય કિરીટ પટેલે ૨૫/૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વરસમાં કયા જિલ્લામાં કેટલી સરકારી શાળાઓ બંધ કરવામાં આવી અને તેના કારણો શું છે એવો પ્રશ્ન પુછયો હતો. જેનો જવાબ આપતા શિક્ષણમંત્રીએ કહ્યુ હતુ કે અમરેલીમાં ૬, અરવલ્લી માં ૭, ભાવનગર માં ૧, છોટા ઉદેપુરમાં ૩, ડાંગ માં ૧, દેવભુમિ દ્વારકામાં ૯, ગીર સોમનાથમાં ૧, જામનગરમાં ૨ , જુનાગઢમાં ૪, ખેડામાં ૨, કચ્છમાં ૩, મહેસાણા માં ૧, નવસારીમાં ૨, પંચમહાલમાં ૧, પોરબંદરમાં ૬, રાજકોટમાં ૩, સુરત માં ૧, અને સુરેન્દ્રનગર જિલ્લામાં ૧ પ્રાથમિક સરકારી શાળા બંધ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓની સંખ્યા શુન્ય હોવાથી અથવા પુરતી સંખ્યા ન હોવાને કારણે બંધ કરવામાં આવી હતી. આપણી પહેલાથી પેઢી મોટે ભાગે સરકારી શાળામાં જ ભણી હશે અને આપણા વાલીઓ પોતાના જીવનમાં સ્વબળે સંઘર્ષ કરીને જ સારી જગ્યાઓ પહોચ્યા હશે. સરકારી શાળામાં જ ભણનારી કે સરકારી કોલેજોમાં ભણનારી આપણી પહેલાની પેઢી ઉપરથી એટલુ તો ફલીત થાય છે કે સમજણ પૂર્વકનુ શિક્ષણ ગ્રહણ કરવુ જરૂરી છે અને જો આવુ થાય તો તમારી પ્રગતિ કોઈ રોકી શકતુ નથી. હવે ફરી ફરીને સવાલ એ થાય છે કે અત્યારે સરકારી શાળાનુ નામ પડે એટલે બાળકને ત્યાં નથી મુકવુ એવી માનસિકતા સામાન્ય રીતે કેમ જોવા મળે છે ?

ધારાસભ્ય તુષાર ચૌધરીએ સરકાર પર પ્રહાર કરતા કહ્યુ હતુ કે દુનિયા એના ગ્રોથ સુધી પહોચી અને આપણે શાળાઓમાં કોમ્પ્યુટર પણ નથી આપી શકયા, શાળાઓમાં કોમ્પ્યુટર લેબ અને પ્રયોગશાળાના દાવા વચ્ચે હકીકત સામે આવી છે કે સ્કુલમાં કોમ્પ્યુટરની સુવિધા નામ પુરતી છે. સ્કુલમાં કોમ્પ્યુટર, પ્રયોગશાળા અંગે ગૃહમાં સરકારે જવાબ આપતા જણાવ્યુ હતુ કે પાટણ જિલ્લામાં ૫૯૫ પૈકી ૫૫૫ શાળાઓમાં પ્રયોગશાળા જ નથી. તો નર્મદા જીલ્લાની ૨૮૬ સરકારી શાળાઓ પૈકી ૨૨૮ શાળામાં પ્રયોગ શાળા નથી. પાટણ જિલ્લામાં ૫૯૫ શાળાઓ પૈકી ૯૯ સરકારી શાળામાં કોમ્પ્યુટર લેબ નથી. નર્મદા જિલ્લાની ૨૮૬ સરકારી શાળાઓ પૈકી ૯૬ શાળામાં કોમ્પ્યુટર લેબ નથી.

# સાબરકાંઠામાં પોશીનાના ગુણભાંખરી ગામે આદિવાસી સમાજની સંસ્કૃતિ, પરંપરા અને ધાર્મિક માન્યતાઓનુ પ્રતિનિધિત્વ કરતા ચિત્ર વિચિત્ર મેળાનુ રંગેચંગે સમાપન

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકામાં આવેલા ગુણભાંખરી ગામે સાબરમતી, આકુળ અને વ્યાકુળ નદીઓના સંગમ સ્થળે આદિજાતિ બાંધવોનો પરંપરાગત ચિત્ર વિચિત્ર લોકમેળાનુ રંગેચંગે સમાપન થયુ છે.

હોળી પછીની ચૌદસના દિવસે શરૂ થયેલો મેળો અમાસના દિવસે પુર્ણ થાય છે. ત્રિવેણી સંગમ તટે શ્રધ્ધા અને આસ્થાના પ્રતિકસમાન આ સ્થળે ચાલુ વરસે તા. ૨૮ માર્ચ અને ૨૯ માર્ચ એમ બી દિવસીય મેળામાં અંબાજી , દાંતા, પોશીના, રાજસ્થાન અને મધ્ય પ્રદેશ તથા અરવલ્લી ની ગીરીકંદરાઓ માં વસતા આદિવાસી સમાજના હજારો લોકો સહપરીવાર ઉમટી પડયા હતા. ત્રિવેણી સંગમ તટે ચિત્ર વિચિત્ર મહાદેવના સાનિધ્યમાં યોજાયેલા બે દિવસીય મેળામાં પ્રથમ દિવસે આદિવાસી સમાજના લોકો એકત્ર થઈને મોડી રાત સુધી ભજનકિર્તન તેમજ પરંપરાગત નૃત્ય કરે છે. અમાસના દિવસે વહેલી સવાર થી અસ્થિ વિર્સજનની વિધી શરૂ થાય છે. સંગમ સ્થળે આવેલા લોકો કુલળીમાં પૂર્વજોના અસ્થિની પુજા કરીને તેમના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરે છે. પુરુષો અસ્થિ ભરેલી કુલળીને જળમાં પ્રવાહીત કરીને સ્નાન કરે છે. આ સમયે મહિલાઓ પોતાના પૂર્વજોને યાદ કરીને એક બીજાને ભેટીને રૂદન કરે છે. કહેવાય છે કે મેળ પડે એટલે મેળો, આ ઉકિત અહીના પરંપરાગત મેળાની બીજી બાજુ સમાન છે. આ મેળામાં આદિવાસી યુવકો અને યુવતિઓ પોતાના મનના માણીગરને શોધવા સોળે શણગાર સજીને આવી છે. મેળામાં હરતા ફરતા તેઓ એકબીજાની પસંદગી કરે છે અને તેના પ્રતિક સ્વરૂપે એકબીજાને પાન પણ ખવડાવે છે. તો બીજી તરફ મેળો માણવા આવેલા લોકોએ ઢોલના તાલે પરંપરાગત નૃત્ય કરીને, ચગળોડમાં બેસીને, ચીજવસ્તુઓની ખરીદી કરીને મેળાનો માહોલ જમાવ્યો હોત. ત્રિવેણી સંગમ તટે આદિવાસી સમાજની સંસ્કૃતિ, પરંપરા અને ધાર્મિક માન્યતાઓનુ પ્રતિનિધિત્વ કરતા ચિત્ર વિચિત્રના મેળામાં વિલાપ અને વિનોદની અનોખી અનુભુતિ થાય છે અને તે અનુભવ કરવા વિદેશી સહેલાણીઓ પણ ઉમટી પડે છે અને તેની યાદગીરી રૂપે કેમેરામાં પણ કંડારે છે. ફ્રાન્સ થી આવેલા એનીયર્સ અને જોજે તે પોતાના અનુભવો વર્ણાવતા જણાવ્યુ હતુ કે તેઓ જે દેશમાંથી આવે છે ત્યાં પુર્વજોની યાદમાં આટલા બધા લોકો એકસાથે ભેગા થતા નથી,

જયારે અહીંની પરંપરા પ્રત્યક્ષ નિહાળીને એક અલગ જ પ્રકારના અનુભવનો અહેસાસ થયો, રાજસ્થાનના કોટડાથી પોતાના દાદીની અસ્થિ વિર્સજન કરવા આવેલા રાજમલ વડેરાએ જણાવ્યુ હતુ કે તેમના દાદા પરદાદાઓ પણ અહીં આવીને પુર્વજોના અસ્થિ વિર્સજીત કરતા હતા. જે પરંપરા આજે અમે લોકોએ પણ જાળવી રાખી છે. બનાસકાંઠાના દાંતા તાલુકાના બામણોજ થી આવેલા કાંતીભાઈ પંડયાએ જણાવ્યુ હતુ કે આદિવાસી સમાજના લોકો પોતાના પુર્વજોના અસ્થિતિઓનુ વિસર્જન કરીને પરીવારજનોને પ્રસાદી વહેચે છે તેમજ કપડાનો પણ વ્યવહાર કરવાની પરંપરાગત નિભાવે છે.

વિભાગની જાણકારીના અભાવે તેમજ ભ્રષ્ટાચારને લઈ બંને મંત્રીઓની ફરીયાદો છેક હાઈકમાન્ડ સુધી

# સરકાર મંત્રી મંડળનુ વિસ્તરણ કરે કે ન કરે પરંતુ અત્યારથી જ કેબિનેટ કક્ષાના બે મંત્રીઓ વિરૂધ્ધ રાજયની પ્રજામાં વિરોધ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારનું મંત્રી મંડળ નજીકના દિવસોમાં વિસ્તરણ થવાનુ છે ત્યારે હાલમાં સોશીયલ મીડીયા પર ગુજરાત સરકારના બે કેબિનેટ મંત્રીઓનો વિરોધ પુરજોશમાં થઈ રહ્યો છે. જેમાં કેબિનેટ શિક્ષણમંત્રી ના કાર્યાલયે ભ્રષ્ટાચારની ફરીયાદો ચરમસીમાએ પહોચેલી છે. મંત્રીના અંગત સચિવ દ્વારા વારંવાર ચેમ્બર બંધ રાખી કરવામાં આવેલા કામોની પણ રાજયની પ્રજાએ તપાસની માંગ કરી છે. તો બીજી તરફ કેબિનેટ શિક્ષણમંત્રી ભલે પ્રોફેસનલ હોય પરંતુ તેમના કાર્યાલયે ભ્રષ્ટાચારને લઈ ફરીયાદો છેક હાઈકમાન્ડ સુધી પહોચેલી છે. તેમજ મંત્રી મંડળમાં જયારે આ મંત્રીનો સમાવેશ કર્યો ત્યારે પણ પાઠયપુસ્તક મંડળના ટેન્ડરીંગ મામલે પણ ભાવતાલમાં મંત્રીની ભ્રષ્ટાચારની ફરીયાદો ઉઠી હતી. તો બીજી તરફ કેબિનેટ શિક્ષણમંત્રી ને જાણે મહિસાગર અને ગોધરા જિલ્લાની જવાબદારી આપી હોય તેમ આ મંત્રીએ મંત્રી પાસે જયારે પણ તમે જાઓ ત્યારે ગુજરાતની અન્ય જિલ્લાની પ્રજા સાથે અન્યાય થતો હોવાની પણ ફરીયાદો ઉઠેલી છે. તો બીજી તરફ કેબિનેટ ઉદ્યોગ મંત્રી પાસે ઉદ્યોગની પુરતી જાણકારી ન હોવાને કારણે હાલમાં તેમના કાર્યાલયે જુનીયર ઓફીસર તરીકે ઉદ્યોગ વિભાગમાંથી માણસને મુકવામાં આવેલો છે. ત્યારે સવાલ એ ઉઠી રહ્યો છે કે શું ઉદ્યોગમંત્રીને વિભાગની પુરી જાણકારી નથી ? ઉદ્યોગ વિભાગ દ્વારા એવી તે શી જરૂર પડી કે વિભાગ દ્વારા અધિકારી/ કર્મચારીને મંત્રીના કાર્યાલયે મુકવા પડયા. આમ અનેક





સવાલો આ બંને મંત્રીઓ વિરૂધ્ધ ઉઠી રહ્યા છે. ત્યારે રાજયની પ્રજા સવાલ કરી રહી છે કે ગુજરાત સરકાર મંત્રી મંડળ નુ વિસ્તરણ કરે કે ન કરે પરંતુ આ બંને મંત્રીઓની સરકારમાંથી બાદબાકી થાય તેવી લોકોની માંગ ઉઠવા પામી છે. કારણ કે બંને મંત્રીઓના કાર્યાલયની ભ્રષ્ટાચારની ફરીયાદો ચરમસીમાએ પહોચી છે. તેવુ લોકમુખે ચર્ચાઈ રહ્યુ છે.

CCTVના આધારે પોલીસે આરોપીને ઝડપ્યો

# ઉતરણ વિસ્તારમાં કારના ચાલકે ૨ યુવતીને મારી ટક્કર

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

ગુજરાતમાં અવારનવાર અકસ્માતની ઘટના સામે આવતી હોય છે. ત્યારે સુરતના ઉતરણ વિસ્તારમાં હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. ઉતરાણ વિસ્તારમાં ૨ યુવતીઓને કારચાલકે ટક્કર મારી હતી. મોપેડ સવાર યુવતીઓ ઉછળીને રસ્તા પર પટકાઈ હતી. ત્યારે આરોપી કારચાલક ટક્કર મારી ફરાર થયો હતો.

ઘટના બનતાની સાથે જ સ્થાનિકો તાત્કાલિક ધોરણે ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ત્યારબાદ ઈજાગ્રસ્તોને તાત્કાલિક ધોરણે હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જો કે આ અકસ્માતની ઘટનાના ઝઝૂફ સામે આવ્યા હતા. પોલીસે ઝઝૂફના આધારે તપાસ હાથ ધરી હતી અને આરોપીને ઝડપી પાડ્યો હતો. આરોપી કારચાલક સામે અગાઉ પણ ગુનો નોંધ્યો હતો.

મહત્તવનું છે કે અવારનવાર અકસ્માત થઈ રહ્યાં હોવા છતા પણ રફતારનો કહેર અટકવાનું નામ નથી લેતો. સુરતના ઉતરાણ વિસ્તારમાં અકસ્માત સર્જીને ફરાર થયેલા કારચાલકને આખરે સુરત પોલીસે CCTVના આધારે આરોપી ઝડપી પાડવામાં આવ્યો છે.

**પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન**

સિગ્નલિંગ અને ટેલિકોમ કાર્ય

**ટેન્ડર આમંત્રણ સૂચના સંખ્યા - DRM-SnT-ADI-Sig 17 વર્ષ 2024-25** ભારતના રાષ્ટ્રપતિ વતી કાર્યરત DRM/S&T ટેન્ડર નંબર DRM-SnT-ADI-Sig 17 વર્ષ 2024-25, છેલ્લી તારીખ 28.04.2025, 15:00 સામે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. બિડર્સ તેમની મૂળ/સુધારેલી બિડ ફક્ત છેલ્લી તારીખ અને સમય સુધી જ સબમિટ કરી શકે છે, આ ટેન્ડર સામે મેન્યુઅલ ઓફરને મંજૂરી નથી, અને પ્રાપ્ત થયેલી કોઈપણ મેન્યુઅલ ઓફરને અવગણવામાં આવશે. **(1) કાર્યનું નામ :** અમદાવાદ વિભાગની હાલની જૂની ફાયર એલાર્મ સિસ્ટમના વિસ્તરણના સંદર્ભમાં સિગ્નલિંગ સામગ્રીનો આંશિક પુરવઠો, સ્થાપન, પરીક્ષણ અને કમિશનિંગ. **(2) કાર્યનો અંદાજિત ખર્ચ :** ₹ ₹ 2,14,95,091.68/- (રૂપિયા બે કરોડ ચૌવુદ લાખ પંચાવન હજાર એકાણું અડસઠ પૈસા માત્ર) **(3) અર્નેસ્ટ મની ડિપોઝીટ :** ₹2,57,500/-(રૂપિયા બે લાખ સત્તાવન હજાર પાંચસો માત્ર) **(4) ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય :** 28.04.2025 ના રોજ 15:00 કલાક પછી નહીં. **(5) ટેન્ડર ખોલવાની તારીખ અને સમય :** 28.04.2025 ના રોજ 15:30 કલાકે. **(6) ઈ-ટેન્ડરિંગ વેબસાઇટ :** www.ireps.gov.in 357

અમને લાઇક કરો: facebook.com/WesternRly

# ગુજરાતની શાળાઓ માટે સોલાર ઉર્જા ગ્રાન્ટ : ૮૦ ટકા ખર્ચ રાજય સરકાર ઉઠાવવાની શકયતા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સોલાર ઉર્જા ને પ્રોત્સાહન આપવા માટે વિવિધ યોજનાઓ અમલમાં છે પરંતુ સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓને સોલાર સિસ્ટમ માટે સરકાર તરફથી સહાય મળતી નથી, શાળા સંચાલક મંડળે સરકારને રજુઆત કરી છે કે શાળાઓમાં વીજ બીલનો મોટો ખર્ચ થતો હોવાથી સોલાર સિસ્ટમ ઈન્સ્ટોલેશન માટે ૮૦ ટકા ગ્રાન્ટ આપવામાં આવે આ બાબતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર લખવામાં આવ્યો છે.



ગુજરાતમાં કેજી થી ધો. ૧૨ સુધીની સરકારી , ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર શાળાઓમાં વીજ વિતરણ માટે અલગ અલગ દર લાગુ પડે છે. શૈક્ષણિક સંસ્થાઓ માટે કોમર્શીયલ વીજ દળ અમલમાં છે. જે રેસીડેન્સીયલ દર કરતા વધુ મોઘા છે. શાળાઓના વીજ બીલમાં ૧૫ ટકા સરકારી વેરો ઉમેરવામાં આવે છે. ઉદાહરણ તરીકે ૧૦૦ વીજ બીલ પર ૧૫ વધારીને કુલ રકમ ૧૧૫ થાય છે. શાળા સંચાલક મંડળના પ્રમુખ ભાસ્કર પટેલે જણાવ્યુ હતુ કે ગ્રાન્ટેડ શાળાઓને મળતી નિભાવ ગ્રાન્ટમાંથી લગભગ ૭૦ ટકા રકમ વીજ બીલ ચુકવવામાં જાય છે. આથી જો શાળાઓ સોલાર સિસ્ટમ સ્થાપિત કરે તો તેઓ લાંબા ગાળે વીજ ખર્ચ બચાવી શકે, અન્ય રાજયોની જેમ ગુજરાતમાં પણ શાળાઓ માટે ખાસ સોલાર ગ્રાન્ટ યોજનાનો અમલ થવો જોઈએ. રાજયમાં સૌર ઉર્જાના વિવિધ યોજનાઓ શૈક્ષણિક સંસ્થાઓ માટે ઉપલબ્ધ નથી, શાળા સંચાલકોની માનવુ છે કે સરકારી શાળાઓ અને ગ્રાન્ટેડ શાળાઓ માટે ૮૦ ટકા ખર્ચ રાજય સરકાર ઉઠાવવી જોઈએ.બાકીની ૨૦ ટકા રકમ શાળા સંચાલકો ભરી શકે, સાથે જ સ્વનિર્ભર શાળાઓ માટે પણ અનુકુળ સહાયની વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ છે. આ રજુઆતને સરકાર કયારે અને કેવી રીતે અનુસરે છે તે હવે જોવુ રહ્યું.

# સાબરકાંઠા જીલ્લાના ઈડર બડોલી વચ્ચે ૧૪ કિ.મી. લાંબા બાયપાસ માટે કેન્દ્ર સરકારે ૭૦૫ કરોડ મંજુર કર્યા

## મહેસાણા અને શામળાજી તરફ જતો ટ્રાફીક સુગમ બનશેઃ બાયપાસમાં ૨ મેજર બ્રીજ, ૧ આરઓબી અને ૪ વ્હીકલ અંડરપાસ રહેશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં રોડ ઈન્ફ્રાસ્ટ્રકચરને મજબુત કરવા ઉપર ધ્યાન આપવામાં આવી રહ્યુ છે અને એ સંદર્ભે ૧૪ કિ.મી. લાંબા ઈડર બડોલી બાયપાસ માટે કેન્દ્ર સરકારે ૭૦૫ કરોડ રૂપીયા મંજુર કર્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પહેલથી ગુજરાતમાં રોડ ઈન્ફ્રાસ્ટ્રકચરનો વ્યાપ વધારવા માટે વધુ એક જિલ્લાને ભેટ આપવામાં આવી છે. સાબરકાંઠા જિલ્લાના ઈડર થી બડોલી સુધીના ૧૪ કિ.મી. લાંબા બાયપાસના નિર્માણ માટે કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૭૦૫ કરોડ મંજુર કરવામાં આવ્યા છે. કેન્દ્રીય માર્ગ પરીવહન અને ધોરીમાર્ગ મંત્રી નિતીન ગડકરીએ ગઈ કાલે શુક્વારે તેની જાહેરાત કરી હતી. આ ફોરલેન બાયપાસનુ નિર્માણ થવાથી ઈડરમાં ટ્રાફીકની સમસ્યા દુર થશે તેમજ મહેસાણા અને શામળાજી તરફ જતો ટ્રાફીક સુગમ બનશે. ગુજરાતને મળેલી આ ભેટ અંગે રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આ ફોરલેન રોડ ના નિર્માણ માટે રૂ. ૭૦૫.૦૯ કરોડ મંજુર કરવા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય મંત્રી નિતીન ગડકરીનો આભાર વ્યકત કર્યો હતો. મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે આ કામગીરીથી ઈડરમાં ટ્રાફીકની સમસ્યા દુર થવાની સાથે અંબાજી અને રાજસ્થાન સાથે કનેકટીવીટીમાં વધારો થશે અને સલામત તેમજ ઝડપી મુસાફરી સુનિશ્ચિત થશે. મોદીજીના દુરંદેશી નેતૃત્વ હેઠળ કેન્દ્ર અને ગુજરાત સરકારના સમન્વય સમાન આ ડબલ એન્જીન સરકારના લીધે સતત લોકાભીમુખ વિકાસ થઈ રહ્યો છે અને માળખાગત સુવિધાઓમાં અભુતપૂર્વ પરીવર્તન સાકાર થઈ રહ્યુ છે.

કેન્દ્રીય મંત્રી નિતીન ગડકરીએ આ બાબતે સોશીયલ મીડીયામાં શેર કરેલી પોસ્ટમાં જણાવ્યુ હતુ કે આ બાયપાસ સાબરકાંઠામાં નેશનલ હાઈવે ૧૬૮ જી પર નિર્માણ થશે. નેશનલ હાઈવે ૧૬૮-જી મહેસાણાથી શરૂ થઈને વિસનગર, વડનગર, ખેરાલુ, ઈડર, બડોલી, ભિલોડા થઈને શામળાજી પાસે નેશનલ હાઈવે ૪૮ સુધી લંબાય છે. આ ભાગ ઈડરમાંથી પસાર થતો હોવાથી શહેરમાં અવાર નવાર ભારે ટ્રાફીક સર્જાય છે તે સિવાય મહેસાણા અને શામળાજી તરફ જતા ટ્રાફીક માટે ઈડર એ મહત્વપૂર્ણ ટ્રાન્જીટ લોડ છે. આ સમસ્યાઓના નિરાકરણ માટે આ રોડ ને ફોરલેનમાં અપગ્રેડ કરવામાં આવશે જેનાથી સુરક્ષા અને ટ્રાફીકની સુગમતા સુનિશ્ચિત થશે.

નેશનલ હાઈવે ૧૬૮ જી પર મણીયોરથી ઈડર શહેરનો બાયપાસ શરૂ થશે જે બડોલી જંકશનથી આગળ શામળાજી હાઈવે સુધી જોડાશે. ૧૪.૨ કિ.મી. નો આ બાયપાસ મણીયોર થી શરૂ થઈ સાપાવાડા, લાલોડા, સવગઢ છાવણી, બુઢીયા અને વાંસડોલ થી આગળ વધીને બડોલી સુધી પહોચશે. આ બાયપાસમાં ૨ મેજરબ્રીજ, ૧ માઈનર બ્રીજ, ૧ આરઓબી(રેલ્વે ઓવરબ્રીજ) અને ૪ વ્હીકલ અંડરપાસ (વીયુપી) નિર્માણ કરવામાં આવશે. મહેસાણાથી શામળાજી સુધી ૩ પેકેજમાં ૪/૨ લેન નેશનલ હાઈવે ૧૬૮ જી ની કામગીરી અત્યારે અલગ અલગ સ્તરે ચાલી રહી છે. જેમાં બીજા પેકેજ અંતર્ગત ઈડર બડોલી બાયપાસની કામગીરી માટે આ મંજુરી આપવામાં આવી છે.

# અદાણી ગૃપની વધી શકે છે મુશ્કેલીઓ : અમદાવાદ કોર્ટને કેન્દ્રીય કાયદા મંત્રાલયે સમન્સ બજાવવા પત્ર મોકલ્યો

પ્રતિનિધિ,ગાંધીનગર

૨૨૦૦ કરોડના લાંચ કેસમાં અદાણી ગૃપના ચેરમેન ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સાગર અદાણીની મુશ્કેલીઓ ઓછી થવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. કેન્દ્રીય કાયદા મંત્રાલય દ્વારા ગુજરાતની અમદાવાદ ડીસ્ટ્રીકટ કોર્ટને મોકલાયેલા સમન્સની બજવણી માટે પત્ર મોકલ્યો છે.




મીડીયાની ટીમે આ બાબતે જિલ્લા કોર્ટના રજીસ્ટ્રાર અને સરકારી વકીલ સાથે વાત કરવાનો પ્રયાસ કર્યો હતો પણ આ બાબતે કોઈપણ બોલવા તૈયાર નથી. કારણ કે આ મામલો ન્યાયાલયમાં છે અને કાયદા મંત્રાલય સાથે સંબંધિત છે. કથિત લાંચ કેસમાં અદાણી ગૃપ વતી પોતાનુ નિવેદન આપતી વખતે આરોપોને પાયા વિહોણા ગણાવીને ફગાવી દેવામાં આવ્યા હતા. વિગતે જોઈએ તો આ પહેલા મંત્રાલયે સ્પષ્ટતા કરી હતી કે આ એક વિદેશી અદાલતનો મામલો છે. તેથી તેનો શકય તેટલી વહેલી તકે ઉકેલ લાવવો જોઈએ. અદાણી ગ્રીન અને અમેરીકન રોકાણકારોને રોકાણ કરાવ્યુ હતુ પરંતુ અદાણી પર કોન્ટ્રાકટ મેળવવા બદલ ભ્રષ્ટાચારનો આરોપ મુકવામાં આવ્યો હતો. કાયદા મંત્રાલયે ૨૫ ફેબ્રુઆરી ના રોજ અમદાવાદ કોર્ટને એક પત્ર મોકલ્યો હતો. આ કેસમાં અમદાવાદ કોર્ટને સમન્સ અથવા નોટીસ બજવણી માટે કહ્યુ હતું.

મીડીયા રીપોર્ટ અનુસાર ન્યુયોર્ક કોર્ટમાં ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સાગર અદાણી પર કેસ દાખલ કરવામાં આવ્યો છે. અદાણી ગ્રીન લીમીટેડના અધિકારીઓ તરીકે બંને પર આરોપ છે કે તેમણે અમેરીકાના રોકાણકારો થી છુપાવીને ભારતીય સરકારી અધિકારીઓને કરોડો ડોલરની લાંચ આપી છે. જેથી અદાણી ગ્રીન અને સોલાર એનર્જી કંપની એઝ્યુર પાવર ને બજાર ના ઉપરના દરે ઉર્જા કોન્ટ્રાકટ મળી શકે, આ કથિત સ્કીમ હેઠળ ૨૦૨૦ થી ૨૦૨૪ સુધી ૨૫૦ કરોડ મીલીયન (આશરે ૨૨૩૬ કરોડ રૂપીયા) ની લાંચ આપવામાં આવી. આ સમગ્ર મામલામાં ગૌતમ અદાણી સિવાય સાગર અદાણી, વિનીત જૈન સહિત ૭ લોકો પર ચાર્જ ફેમ કરવામાં આવ્યા હતા.

# ઘરે આવવાની ના પાડી તો રસ્તા વચ્ચે લાકડીઓ મારી પાડી દીધો

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગરના મીઠોઇ ગામે ખેતમજૂરી કરતા વ્યક્તિ પર પાઈપથી હુમલો કરવાની ઘટના સામે આવી છે. ભરતસિંહ બાઈક પર જતા હતા ત્યારે અદાવતમાં પાઈપથી હુમલો કરવામાં આવ્યો હતો. ખેતમજૂરી કરતા ભરતસિંહ જાડેજા પર હુમલાની ફરિયાદ દાખલ કરવામાં આવી છે. ગત તારીખ ૨૬ માર્ચના રોજ સાંજના સમયે આરોપી ફરિયાદીના ઘરે જતા ફરિયાદીએ કહ્યું હતું કે, તું મારા ઘરે આવતો નહીં તેમ કહી કાઢી મૂકતા આરોપીએ ફરિયાદીના ઘરની બહાર જાહેર રસ્તામાં ઉભા રહીને અપશબ્દો બોલી અશ્લીલ ઈશારાઓ કર્યા હતા તેમજ ફરિયાદી ભરતસિંહ પોતે મોટર સાઈકલ લઈને ગામમાં દુકાને જતા હોય ત્યારે આરોપી રોડ વચ્ચે ઊભો રહી હુમલો કર્યો હતો. મોટરસાઈકલ ઉભુ રાખતા આરોપીએ ફરિયાદીને અપશબ્દ બોલી પાઈપ વડે હુમલો કરી માથામાં, પડખા અને પગના ભાગે હથિયારના ઘા મારી દીધા હતાં જેના કારણે ફેકચર સહિતની ઈજાઓ પહોંચી છે.

આરોપીને ઘરે આવવાની મનાઈ કરતા અદાવતમાં હુમલો કરાયો હોવાનું ખુલ્યું છે. મેઘપર પોલીસ સ્ટેશનમાં મયુરસિંહ ગોહિલ વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવામા આવી છે. જેના આધારે પોલીસે આરોપીને પકડવા તજવીજ શરૂ કરી છે.

# ઈડરમાં બેંક કર્મી પાસેથી રૂપીયા ૧૫ લાખ ભરેલી બેગ લુંટી લેનાર લુંટારૂ ટોળકી ગણતરીના દિવસોમાં ઝડપાઈ

## ઈડરની કે એમ પટેલ વિદ્યામંદિર નજીક થી ૪ દિવસ અગાઉ રીક્ષામાં એક હંગામી બેંક કર્મચારી રૂ.૧૫ લાખ રોકડ બેંકમાંથી ઉપાડી જઈ રહ્યો હતો ત્યારે આ લુંટ થવા પામી હતી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



ઈન્ચાર્જ પોલીસવડા સ્મિત ગોહીલે ગઈ કાલે પ્રેસ કોન્ફરન્સ યોજી જણાવ્યુ હતુ કે ગત ૨૫ માર્ચના રોજ ઈડરની કે એમ પટેલ હાઈસ્કુલ પાસેથી બે અજાણ્યા શખ્સ બાઈક પર આવ્યા હતા અને એયુ બેંક માં હંગામી ફરજ બજાવતા તથા કેશ કલેકશનનુ કામ કરતા વિક્રમસિંહ બલવંતસિંહ ઝાલા જેઓ એક બેંકમાંથી રૂ.૧૫ લાખ ઉપાડી રીક્ષામાં જઈ રહ્યા હતા તેમની સાથે લુંટ મચાવી હતી અને રોકડ ભરેલો થેલો ઝુંટવી ફરાર થયા હતા. જે અંગે ઈડર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોધાયા બાદ સાબરકાંઠા એલસીબી અને ટેકનીકલ સર્વેલન્સ, સીસીટીવી કુટેજ અને હ્યુમન સોર્શિસની મદદથી ૩ પૈકી ૨ આરોપીઓની ધરપકડ કરી છે. આરોપીઓની પુછપરછમાં તેમની ઓળખ ઈડર તાલુકાના ચિત્રોડી ગામનો કિરણકુમાર નટવરભાઈ ચેનવા અને રાહુલ કુમાર બાબુભાઈ વણજારા તરીકે થઈ હતી. પુછપરછમાં આ બંને જણાએ કબુલાત કરી હતી કે લુંટની યોજના બનાવનાર વિવેક મનિષ શાહ રહે.ઈલોલ ની મુખ્ય ભુમિકા હતી. પકડાયેલ બંને એ વધુમાં કબુલ્યુ હતુ કે તેઓ આ લુંટમાં મળેલ રકમ કલ્પના બહારની હોવાથી તેને કઈ રીતે ભાગ પાડવા તેની દ્વિધા માં હતા એટલે વિવેક શાહનો સંપર્ક કર્યા બાદ તેઓ હિંમતનગર થી ઈકો ભાડે કરીને ગાંધીનગર અને અમદાવાદ જવાનુ નક્કી કર્યુ હતુ ત્યાં પહોચ્યા બાદ આ બંને જણાએ રૂ.૧૫ લાખ માં થી રૂ.૧૫ હજાર ભાડુ ચુકવ્યુ હતુ તે પછી વિવેક શાહ તથા કિરણ ચેનવા અને રાહુલ વણજારાએ ભાડે થી આલીશાન કાર લઈને વિજાપુર, મહેસાણા સહિતના અન્ય સ્થળે જઈને લુંટની રકમમાંથી મોજશોખ કર્યો હતો. ત્યારબાદ વિવેક શાહ આ બંને જણાને મુકી તે ગાડી લઈને જતો રહ્યો હતો. સમગ્ર ઘટનાક્રમનો ચિતાર રજુ કર્યા બાદ એલસીબીએ તેમની પાસેથી અંદાજે રૂ. ૧૧,૮૬,૮૫૦ રોકડ કબ્જે લીધી હતી. ઉપરાંત રૂ.૫૦ હજારની કિંમતનુ બાઈક, રૂ.૧૫ હજારનો મોબાઈલ, રૂ.૫૦ ની કિમતની સ્કુલબેગ મળી કુલ રૂ.૧૨,૫૧,૯૦૦ નો મુદામાલ કબ્જે લીધો હતો. આ મામલે પોલીસે આગળની કાર્યવાહી પોલીસ પકકડથી દુર આરોપી વિવેક શાહ ને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા છે.


